# શ્રી પ્રભાવક જિનવાણી

વિ.સં. ૨૦૭૦ • વર્ષ – ૧૪, અંક–૭
મૂલ્ય છૂટક નકલ રૂા. ૪/-

મહા વદ–૧૪, શુક્રવાર, તા. ૨૮–૨–૨૦૧૪
માર્ચ – ૨૦૧૪


❋ પ્રવચનકાર ❋

**સકલાગમ રહસ્યવેદી, પરમ ગીતાર્થ સ્વ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય દાનસૂરીશ્વરજી મહારાજાના**
**પટ્ટપ્રભાકર પૂ. સિદ્ધાન્તમહોદધિ સ્વ. પરમપૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાના**
**પટ્ટધરરત્ન વ્યાખ્યાનવાચસ્પતિ પરમ શાસન પ્રભાવક સ્વ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**

## દીક્ષાયુગ પ્રવર્તક:

## (૮)

### દ્રોણાચાર્ય અને અર્જુન:

અભ્યાસવૃત્તિ અખૂટ હતી. પ્રાકૃત, સંસ્કૃત, હિન્દી અને ગુજરાતી ભાષા સાથેનું જોડાણ દૃઢ હતું. આગમસૂત્રોનો અને પ્રકરણગ્રંથોનો અભ્યાસ, પ્રાકૃતભાષાના સથવારે થયો. ભાષાની પક્કડ એવી મજબૂત હતી કે ગાથાનું વાંચન થતાવેંત અર્થ સમજાઈ જતો. આવશ્યક ક્રિયાનાં સૂત્રોનાં ઉચ્ચારણમાં શુદ્ધિ જળવાતી તે પ્રાકૃત ભાષાના અવગમને લીધે. ભાષા દ્વારા ભાવાર્થનો અનુભવ લેતા. સૂત્ર દ્વારા સ્વાધ્યાય અને સાધનાનો તાત્ત્વિક આનંદ માણતા. સંસ્કૃત ભાષા દ્વારા, ટીકાગ્રંથો અને **શ્રી ઉમાસ્વાતિજી મ., શ્રી હરિભદ્રસૂરિજી મ., શ્રી હેમચન્દ્રસૂરિજી મ., શ્રી યશોવિજયજી મ.** જેવા મહાપુરુષોની પ્રરૂપણાઓ સાથે આત્મીયતા બંધાઈ. **શ્રી સિદ્ધર્ષિગણિજી મ.** ની ‘उपमितिभवप्रपंचा’ એકવાર વાંચીને હૃદય તૃપ્ત ના થયું. એનું વાંચન વારંવાર થતું રહ્યું.

**શ્રી કમલસૂરિજી મ.** અને **શ્રી સિદ્ધિસૂરિજી મ.** નાં સાન્નિધ્યમાં બેસવા મળે ત્યારે એમના દ્વારા નવા નવા શ્લોકો પ્રાપ્ત થાય. શ્લોક સાંભળીને તૂર્ત જ અર્થનું આકલન કરે અને વડીલોને નમ્રભાવે પ્રતિભાવ આપે. **શ્રી આત્મારામજી મ.** સાથે જોડાયા હિન્દીભાષા દ્વારા. પંજાબી છાંટવાળી એમની હિન્દીભાષામાં નિરૂપણની નિર્ભયતા અને વૈચારિક સ્પષ્ટતાનો અનુભવ મળતો. હજારો લોકોને અભિભૂત કરનારી મહાપ્રતિભાને સાક્ષાત્ જોવાનો લાભ ન મળ્યો તેનો રંજ અનુભવાતો.




માનદ્ સંપાદક : શાહ દિલીપ હરગોવિંદદાસ ઘીવાળા,
કાર્યાલય : શ્રી જિનવાણી પ્રચારક ટ્રસ્ટ, ૨/૫૯, બેંક ઓફ ઈન્ડિયા બિલ્ડીંગ, ૧૮૫, શેખ મેમણ સ્ટ્રીટ, મુંબઈ - ૪૦૦ ૦૦૨.
E-mail : jinwani@yahoo.co.in / shreeprabhavakjinwani@gmail.com - 2386 6824

તાત્ત્વિક પદાર્થોને સાધારણ જનસમાજ સમક્ષ રજૂ કરવા માટે જે સજ્જતા કેળવવી જોઈએ તે પાને પાને એમાં વાંચવા મળતી. પ્રાચીન પદોમાં મોહરી રહેલી હિન્દીભાષાને ભક્તિના સ્રોત રૂપે આસ્વાદતા.

અને માતૃભાષા-ગુજરાતીમાં કેટલાય અનુવાદગ્રન્થો વાંચ્યા હતા દીક્ષાપૂર્વે. ગુજરાતી ભાષા સાંભળવાનો જન્મજાત મહાવરો હતો, તે ઉત્તમ પુસ્તકોનાં વાંચન દ્વારા શુદ્ધ ગુજરાતી ભાષા સુધી પહોંચ્યો. પ્રાકૃત અને સંસ્કૃત ભાષાનાં વ્યાકરણનો અભ્યાસ સારી રીતે થયો હતો, તેને લીધે ગુજરાતી ભાષાનું વ્યાકરણ પણ મહદંશે સ્પષ્ટ હતું. અલ્પભાષી સ્વભાવ કેળવી લીધો હતો, તેથી ગુજરાતીમાં બોલવાનું ઓછું થતું. ઘણાં ઘણાં શાસ્ત્રોનું વાંચન કરી લેવાની ઝંખના હતી તેને લીધે પ્રાકૃત અને સંસ્કૃત ભાષાના ગ્રંથો સાથે વિશેષ રીતે જોડાયેલા રહ્યા હતા; પરિણામે ગુજરાતી ભાષા ઉપેક્ષિત રહેતી હતી. વારંવાર વ્યાખ્યાન આપવાનું બનતું ગયું તેને લીધે ગુજરાતી સાથે એક નવો સેતુ રચાવા લાગ્યો.

દીક્ષા પૂર્વે **શ્રી મેઘવિજયજી મ.** સાથે વિશેષ સંબંધ પ્રસ્થાપિત થયો હતો. તેમનાં વ્યાખ્યાનની શૈલી હૃદયસ્પર્શી. ભાષાવૈભવ અદ્ભુત. સમજીને બોલે. સમજાય એવું જ બોલે. તેમની દેશનાશૈલી ત્રિભુવનને ગમી હતી. તેમની ગણિપદવી વિ.સં. ૧૯૭૯ની સાલમાં છાણી મુકામે કારતક વદ ચોથે થઈ હતી. ત્રિભુવને એ પદવીનો પ્રસંગ જોવાનો લાભ મેળવ્યો હતો. એ સંબંધ વિ.સં. ૧૯૭૪ની સાલમાં નવેસરથી શરૂ થયો હતો. ગણિપદવી પછી પંન્યાસ પદવી પણ તેમની થઈ ગઈ હતી. **પૂ.પં. શ્રીમેઘવિજયજી મ.**નું એ વરસનું ચોમાસું મહેસાણામાં થયું ત્યારે **શ્રીરામવિજયજી મ.** પણ તેમની નિશ્રામાં ચોમાસું કરવા રોકાયા.

**શ્રી વીરવિજયજી મ., શ્રી દાનવિજયજી મ.** આદિ શ્રમણભગવંતો **ખંભાતમાં** ચાતુર્માસ હતા. **મહેસાણામાં શ્રી મેઘવિજયજી ગણિ મ., શ્રી રામવિજયજી મ.**ને રીતસરની તાલીમ આપતા હોય તે રીતે રોજ વ્યાખ્યાન આપવા બેસાડતા. શ્રોતાને સમજાવવા માટે વ્યાખ્યાન આપવાનું છે. વ્યાખ્યાન એવું હોવું જોઈએ કે શ્રોતાનું આકર્ષણ અખંડિત રહે. આ પાયાનો મુદ્દો હોવા છતાં, મહત્ત્વનો મુદ્દો એ પણ છે કે વ્યાખ્યાન આપવા દ્વારા શ્રોતાનું સ્તર ઊંચું બને તેની જવાબદારી વ્યાખ્યાનકારની છે. આકર્ષણ અખંડ રાખવાની ધૂનમાં શ્રોતાનું સ્તર છીછરું ન રખાય. સ્તર વધારવાની ચિંતામાં એવું બધું ન પીરસાય કે શ્રોતાનો રસ તૂટી જાય. બે ધારી તલવાર જેવી સચ્ચાઈ છે આ.

**શ્રી મેઘવિજયજી ગણિજી** અનુભવસિદ્ધ પ્રાવચનિક હતા. **શ્રી કમલસૂરિજી મ. શ્રી વીરવિજયજી મ., શ્રી દાનવિજયજી મ.** જેવા વડીલો ઉપરાંત **શ્રી સિદ્ધિસૂરિજી મ., શ્રી સાગરજી મ.** જેવા સ્થવિરભગવંતોએ **શ્રી રામવિજયજી મ.** ની વ્યાખ્યાન શક્તિની પ્રશંસા કરી હતી, તે **શ્રી મેઘવિજયજી મ.** જાણતા હતા. તેમણે **શ્રી રામવિજયજી મ.** ની આ શક્તિને સાચા અર્થમાં વિકસિત કરવાનો નિર્ધાર કરી લીધો હતો. પોતાની શક્તિ નવી પેઢીમાં આરોપે તે વડીલ છે. નવી પેઢીની શક્તિને પારખે અને વિકસાવે તે વડીલોનું વાત્સલ્ય છે. **શ્રીમેઘવિજયજી મ.**એ અલગ અલગ રીતે **શ્રી રામવિજયજી મ.** ની શક્તિને શિલ્પકારની જેમ ઘડવાનું શરૂ કર્યું. જાણે આરસપાણમાં કોતરકામ થવા માંડ્યું.

**પહેલું કામ થયું ભાષા ઉપર.**

**શ્રી રામવિજયજી મ.** જે બોલે તેમાં-શબ્દોની પસંદગી, વાક્ય રચનાની અખંડતા, વ્યાકરણની શુદ્ધિ આદિ બાબતોનો વિવેક જળવાયેલો રહે તે **શ્રી મેઘવિજયજી મ.** જોતાં. ભાષાનું સ્તર સારું હોય તો રજૂઆત પ્રભાવશાળી બને છે. ભાષા કમજોર હોય, વાક્યરચના નબળી હોય, વ્યાકરણના નિયમો વિનાની રજૂઆત હોય, તો વક્તાના વક્તવ્યને ઝાંખપ લાગે છે. સમરથમા જેવી શિક્ષિકાના હાથે ત્રિભુવન કક્કો અને બારાખડી શીખ્યો હતો. છતાં સાતમીથી આગળ શાળાકીય અભ્યાસ નહોતો અને શહેરી વાતાવરણનો સ્પર્શ નહોતો, તેને લીધે ભાષાનું ઘડતર અધૂરું રહ્યું હતું. **શ્રી રામવિજયજી મ.**ને વ્યાખ્યાનકાર તરીકે પ્રસિદ્ધ બનવાની કોઈ ઈચ્છા નહોતી તેથી વ્યાખ્યાન માટેની પૂર્વતૈયારી જેવી ભાષાકીય સજ્જતાને તેઓ ઉવેખતા હતા. **શ્રી મેઘવિજયજી મ.** તે સમયના પ્રવાહોને અનુરૂપ ભાષાને જાણતા હતા.

સભામાં બેસેલ પ્રશિક્ષિત શ્રોતાઓ સૌથી પહેલાં ભાષાને માપે છે, તેનો એમને અંદાજ હતો. **શ્રીરામવિજયજી મ.**ની ભાષા કોઈ નબળી કે અનપઢ વ્યક્તિની ભાષા નહોતી. એમની ભાષા બળુકી હતી. એ ભાષાને મઠારવાની જરૂર હતી, બસ. **શ્રી મેઘવિજયજી મ.**એ એમની ભાષાને ઓપ ચઢાવ્યો ધીમે ધીમે.

અમુક પ્રકારના શબ્દો ન જ બોલાય. અમુક લઢણને ટાળી દેવાની. અમુક શબ્દોનું પુનરાવર્તન થાય, અમુક શબ્દોનું પુનરાવર્તન ન થાય. એક વાક્યને કેટલું લાંબું બનાવી શકાય અને કેટલું ટૂંકુ બનાવી શકાય, લાંબા વાક્યને ટુકડા પાડીને કેવી રીતે બોલી શકાય, ટૂંકા વાક્યને વજનપૂર્વક શી રીતે બોલાય, આવી બધી ઝીણી ઝીણી બાબતો પર **શ્રી મેઘવિજયજી મ.** સતત માર્ગદર્શન આપતા તે મુજબનો સુધારો કે ઉમેરો ઝડપથી થાય તેવું અનુકૂલન **શ્રી રામવિજયજી મ.**એ કરવાનું રહેતું. અક્ષરશ્રુતનું ઘડતર થતું ગયું.

**દ્રોણાચાર્ય** દ્વારા જે રીતે **અર્જુનને** તાલીમ સાંપડી હતી તે રીતે **શ્રી મેઘવિજયજી મ.** દ્વારા **શ્રી રામવિજયજી મ.**ની પ્રતિભાની ઘાટઘડામણ થતી ગઈ.

**બીજું કામ થયું વિષયની માવજત ઉપર.**

મનમાં ઘણા બધા મુદ્દાઓ તૈયાર હોય છે વ્યાખ્યાનકારનાં. એમાંથી અમુક જ મુદ્દા પર વિશ્લેષણ કરવાનું જરૂરી હોય છે. દરેક વખતે દરેકે દરેક મુદ્દાને આવરી શકાતા નથી. પરંતુ વ્યાખ્યાનકારનું કર્તવ્ય હોય છે શ્રોતાને માર્ગદર્શન આપવાનું. શ્રોતાને ચોક્કસ દિશામાં વિચારવાનું મન થાય તેવી રજૂઆત વ્યાખ્યાનકાર કરે છે. એ દિશા હોય છે મુખ્ય મુદ્દો. મુખ્ય મુદ્દો સર્વવ્યાપી અને સરળ હોવો જોઈએ. એ મુદ્દાનું પુનરાવર્તન કરવાપૂર્વક, નવા નવા મુદ્દા ઉમેરતા રહીએ તો શ્રોતાને દિશાદર્શનપૂર્વક નવો નવો બોધ મળતો રહે. આજે વ્યાખ્યાન સાંભળનારા શ્રોતાઓ આવતી કાલે અને પરમદિવસે પણ આવવાના છે. તેમને રોજેરોજ નવું નવું સાંભળવું છે તે હકીકત છે. તેમની એ જિજ્ઞાસાને તૃપ્ત કરવાની છે. તેમને રોજના નવા વિષયોની સાથે જોડી રાખનાર મુખ્ય મુદ્દો યાદ કરાવવાનો, જેથી એમનું શ્રવણ બૌદ્ધિક વ્યાયામ ન બને બલ્કે ભાવનાત્મક વિકાસ બને. આને કેવળ વ્યાખ્યાનકળા ન કહેવાય, આને કહેવાય ભાવકરુણા.

શ્રોતાઓની ભીડ ઉભરાય અને શ્રોતાઓ દ્વારા પ્રશંસા થાય તે વ્યાખ્યાનકારનું લક્ષ્ય નથી. વ્યાખ્યાનકારનું લક્ષ્ય છે, શ્રોતાઓનું અજ્ઞાન ટાળવાનું અને શ્રોતાઓનો અવિવેક ઘટાડવાનું. મુખ્ય મુદ્દાની આસપાસ નવાનવા, નાના નાના મુદ્દાઓ ઉમેરવા દ્વારા તે લક્ષ્યવેધ કરે છે. દા.ત. - **'છોડવા જેવો સંસાર, લેવા જેવું સંયમ, મેળવવા જેવો મોક્ષ'**- આ મુખ્ય મુદ્દાઓ થયા. આ મુદ્દાઓની આસપાસ જે જે મુદ્દાઓ ગૂંથવામાં આવે તે નિતનવા હોય, નાનામોટા હોય, તો શ્રોતાઓનું માનસ સારી રીતે ઘડી શકાય.

**શ્રી મેઘવિજયજી મ.**એ વ્યાખ્યાનમાં વિષયની માવજત કરવા પર ઘણો જ ભાર આપ્યો. વિષયને વફાદાર રહે તે જ વક્તા, આવું વલણ સરસ રીતે કેળવાતું ગયું.

**ત્રીજું કામ થયું શાસ્ત્રસાપેક્ષતા પર.**

વ્યાખ્યાનકાર પોતાનાં મનની વાત કહેવા માટે **શ્રી સુધર્માસ્વામીજીની** પાટ પર બેસી ન શકે. વ્યાખ્યાનકારે અઢીહજાર વરસની પટ્ટપરંપરા જે કહેતી આવી છે એ જ બોલવાનું હોય. એક અક્ષર, એક વાક્ય કે એક મુદ્દો પણ એ પવિત્ર પરંપરાથી અલગ પડે તો મહાપાપ લાગે. સામાન્ય રીતે કોઈપણ મહાત્મા પરંપરાથી વિપરીત બોલવાનું ન વિચારે. જોખમ ઊભું થાય છે, તાર્કિકતાના અતિરેકને લીધે. શ્રદ્ધા એ જ અંતિમ સત્ય છે, એવું માનીને વ્યાખ્યાનકાર બોલે તો પરંપરાનું જતન અને સંવર્ધન થઈ શકે.

**શ્રી મેઘવિજયજી મ.એ શ્રી રામવિજયજી મ.**ને આ બાબતની ગંભીરતા સમજાવી. **શ્રી રામવિજયજી મ.** તો પહેલેથી જ આ અંગે સ્પષ્ટ હતા. **શ્રી મેઘવિજયજી મ.** દ્વારા જે સમજવા મળ્યું તેને લીધે સમર્પણભાવ સુદૃઢ બન્યો.

**ચોથું કામ થયું વિષયની નવીનતા પર.**

**શ્રી મેઘવિજયજી મ.** રોજ નવો શ્લોક આપે. વ્યાખ્યાન શરૂ કરવાનું હોય તે પૂર્વે જ એ શ્લોક મળે. એ શ્લોક સાંભળીને તરત જ એની પર બોલવાનું. તત્કાળ નિરૂપણ સહેજેય સરળ નથી. જે વિષય પર પહેલેથી વિચારી રાખ્યું હોય તેની પર બોલી નાંખવામાં ખાસ પરીક્ષા થતી નથી. જ્યારે - તદ્દન અકલ્પ્ય વિષય પર એકધારું બોલવાનું ઘણું જ કઠણ છે. વિચારશક્તિની સાચી પરખ આમાં થાય છે. મનમાં પહેલેથી અમુક મુદ્દાઓ ધારી લેવાના અને એ મુદ્દા ક્રમસર રજૂ કરવાના - આવી વ્યાખ્યાન પદ્ધતિમાં ઘણોખરો ઉપયોગ યાદશક્તિનો જ થતો હોય છે. એવી વ્યાખ્યાન પદ્ધતિમાં વક્તાની વ્યક્તિગત વિચાર પ્રતિભાનો અંશ બહુ ઓછો હોય છે. **શ્રી મેઘવિજયજી મ. શ્રી રામવિજયજી મ. ની** વિચારપ્રતિભાને વિકસિત, અતિવિકસિત કરવા માંગતા હતા. નવા નવા વિષય પર બોલવામાં ક્યારેક શાસ્ત્ર વિરુદ્ધ નિરૂપણ થવાની સંભાવના ઊભી થાય છે. આવું ન બને તેની તકેદારી પણ વ્યાખ્યાનકારે રાખવાની હોય છે. આ અઘરી પરીક્ષાને **શ્રી રામવિજયજી મ.** હંમેશા પાર કરી જશે તેની **શ્રી મેઘવિજયજી મ.**ની ખાતરી હતી. **શ્રી રામવિજયજી મ.** એ એ ખાતરીને સો ટકા સાચી પૂરવાર કરી આપી. રોજે રોજ અણધાર્યા વિષય પરના નવાનવા શ્લોક મળતા ગયા. સંપૂર્ણ શાસ્ત્રાનુસારી ઢબે તે તે શ્લોકના ભાવો મુખરિત થતા ગયા.

**પાંચમું અને અંતિમ કામ થયું વ્યાખ્યાન આપવા અંગેની માનસિકતા પર.**

સાધુ માટે સાધના અને આત્મશુદ્ધિ જેટલી અગત્યની છે તેટલું અગત્યનું વ્યાખ્યાન નથી. વ્યાખ્યાન દ્વારા જે લોકચાહના અને પ્રસિદ્ધિ મળે છે તે સાધનાના એકાંતનિવાસ દ્વારા નથી મળતી. સાધુએ પોતાનું કેન્દ્રબિન્દુ જાતે જ યાદ રાખવાનું છે. જો લોકચાહના અને પ્રસિદ્ધિની મીઠાશ ગમી ગઈ તો આત્મશુદ્ધિની ઉપેક્ષા થવા લાગશે. એવું ન થાય તેની કાળજી વ્યાખ્યાનકારે પોતે જ રાખવાની છે. વ્યાખ્યાન દ્વારા મુખ્યત્વે આત્મચિંતન થવું જોઈએ. એ આત્મચિંતનનાં વહેણમાં જે બોલાતું આવે તેનાથી પરાર્થકરણ થતું હોય તો થવા દેવું જોઈએ. પણ લક્ષ્ય તો આત્મચિંતનનું જ રહેવું જોઈએ. વ્યાખ્યાન આપવાનું ટાળવું ન જોઈએ, કેમ કે, યોગ્યજીવની પાત્રતાનો વિકાસ કરવામાં નિમિત્ત બનવું તે પણ આરાધના છે. પરંતુ પોતાની પાત્રતાનો વિકાસ ભૂલીને ફક્ત અન્યની પાત્રતાનો વિકાસ કરવાનું વલણ જોખમી છે. આવું ન બને તે બહુ જરૂરી છે.

**શ્રી મેઘવિજયજી મ. એ શ્રી રામવિજયજી મ.**ને વ્યાખ્યાનકાર રૂપે વિકસિત કરવા માટે જે રીતે તાલીમ આપી તેને લીધે **શ્રી રામવિજયજી મ.** નું વ્યક્તિત્વ સાધકપુરુષ રૂપે જ નીખર્યું. વ્યાખ્યાન શું કામ આપવું છે અને શી રીતે આપવું છે? આ બે પ્રશ્નોના પ્રત્યુત્તર ઉત્તમ હતા. વ્યાખ્યાન આપવું છે તો સ્વાધ્યાયનો આસ્વાદ માણવા આપવું છે. શ્રોતા પ્રભાવિત થાય છે તે ભગવાનની વાણીનો પ્રભાવ છે, મારો નહીં. શ્રોતાઓ આત્મવિકાસ પામે છે તે જિનવચનની શક્તિ છે, મારી નહીં. આ હતી નમ્રતા. વ્યાખ્યાનકાર, યોગ્ય જીવ સમક્ષ, યોગ્ય વાત, યોગ્ય રીતે રજૂ કરે છે. યોગ્ય વાત અને યોગ્ય જીવનો મેળ બેસી ગયો તો એક આત્માનો ઉદ્ધાર થઈ ગયો. એક ખોટા વિચારને લીધે સબુડાએ દીક્ષા લેવામાં વિલંબ કરવાનું મુનાસિબ માની લીધું હતું. ગુરુમહારાજે યોગ્ય સમયે, યોગ્ય વાત સમજાવી તો સબુડાનો ખોટો વિચાર તૂટ્યો. આ ઘટના યાદ હતી. વ્યાખ્યાન દ્વારા કોનો ખોટો વિચાર, કઈ વાતથી તૂટશે તેની કોઈ કલ્પના કરી શકાતી નથી પરંતુ ખોટો વિચાર જો તૂટે તો જિનવચન થકી જ તૂટે તે તો નિશ્ચિત વાત છે. વ્યાખ્યાન આ રીતે જ આપવાનું હતું.

**વિ.સં. ૧૯૭૪માં મહેસાણામાં** ચાતુર્માસ થયું તે સમયના શ્રોતાજનોએ **દ્રોણાચાર્ય** અને **અર્જુન** જેવી બે વિરલ પ્રતિભાઓને લગભગ રોજ પ્રભુની પાટે બિરાજમાન થતી નિહાળી. પરીક્ષાનો પ્રેમ પણ જોવા મળ્યો. પ્રેમની પરીક્ષા પણ જોવા મળી.

(ક્રમશઃ)

(દેવર્ધિ)

# ❀ શ્રી સંઘનું સ્વરૂપઃ ❀

- **સંસારની અસારતા કે ભયંકરતા, પરિણામને અર્થાત્ ભવિષ્યને અવલંબીને પણ વર્ણવી છે; કેવળ વર્તમાનને અવલંબીને નહિ.**
- **'સમ્યગ્દૃષ્ટિ આત્મા સંસારમાં ન રમે' તેનો હેતુ એક જ છે કે તેનો મિથ્યાત્ત્વરોગ ગયો છે, બુદ્ધિ શુદ્ધ થઈ છે, માટે શાસ્ત્રાનુસારી દૃષ્ટિથી સંસાર જેવો છે તેવો જોઈ શકે છે.**
- **આજના જીવોની દૃષ્ટિ ભૂતકાળને પરખતી નથી, ભવિષ્યને વિચારતી નથી, કેવળ વર્તમાન પર જ નિર્ભર છે. માટે તેમને આ જમાનામાં પૈસાની જરૂર લાગે છે, ધર્મની નહિ.**
- **આસ્તિકતા મેળવવી હશે તો ભૂત-ભવિષ્ય વિચારવાં પડશે અને વર્તમાનને ગૌણ કરવો પડશે.**
- **દુનિયામાં જાહેર કરો કે મંદિર, ઉપાશ્રય અને ધર્મસ્થાનના ટ્રસ્ટી તે જ થઈ શકે કે જેઓ અર્થકામને હેય માનતા હોય, મોક્ષને સાધ્ય અને ધર્મને મોક્ષના સાધન તરીકે માનતા હોય.**
- **આત્મા ત્રણ પ્રકારના છે. બહિરાત્મા, અંતરાત્મા, પરમાત્મા. વચ્ચે મહાત્મા પણ આવે.**
- **બહિરાત્મા પહેલે ગુણઠાણે હોય. ચોથેથી એ અંતરાત્મા કહેવાય, છઠ્ઠેથી મહાત્મા અને તેરમે ગુણઠાણે પરમાત્મા બને.**

## (૬૨)

**સંસાર અસાર ક્યારે લાગે?**

અનંત ઉપકારી સૂત્રકાર પરમર્ષિ **શ્રી દેવવાચક ગણિજી** શ્રી સંઘની સ્તુતિ કરતાં ફરમાવે છે કે-શ્રી સંઘરૂપ મેરૂ પર્વતની સમ્યગ્દર્શનરૂપ વજરત્નમય પીઠ દઢ, રૂઢ, ગાઢ અને અવગાઢ જોઈએ.

એ પીઠની દઢતા માટે શંકાદિ પાંચેય દોષોનો પરિત્યાગ કરવો જોઈએ અને એની રૂઢતા માટે સમયે સમયે વિશુદ્ધ બનતી પરિણામની ઉત્કટ ધારાવાળા ઉત્તમ અધ્યવસાયોથી આત્માએ વાસિત હૃદયવાળા રહેવું જોઈએ. સમ્યગ્દૃષ્ટિ કયા વિચારો કરે તો દઢ સમ્યક્ત્વ રૂઢ થાય? પૂ. આચાર્યદેવ શ્રી **હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા** ફરમાવે છે કે તત્ત્વશ્રદ્ધાળુ સમ્યગ્દૃષ્ટિ આત્મા સંસારસાગરમાં કદી રમે નહિ. કેમ ન રમે? વિવેકચક્ષુ પેદા થયાં છે માટે. સમ્યક્ત્વની પ્રાપ્તિ થવાથી શાસ્ત્રાનુસારી મતિવાળો બનેલો આત્મા સંસાર જે સ્વરૂપે છે, તે સ્વરૂપે તેને જોઈ શકે છે, માટે એ સંસારમાં ન રમે. જેમ નિરોગી ચક્ષુવાળો માણસ, જે વસ્તુ જેવી હોય તેવી દેખે, તેમ મિથ્યાત્વ રોગ વિનાનો આત્મા, સંસારના સ્વરૂપને યથાસ્થિત જોઈ શકે છે. એના જ કારણે એ આત્મામાં સંસારની રમણતા રહી શકતી નથી.

સંસારની અસારતા કે ભયંકરતા પરિણામ(ભવિષ્ય)ને અવલંબીને પણ વર્ણવી છે; કેવળ વર્તમાનને અવલંબીને નહિ. વર્તમાનમાં તો એવા પણ સુખી જીવો હોય છે કે જેમને તે કાળને ઉદ્દેશીને સંસારની વિષમતા કહેવામાં આવે તો માને જ નહિ. પણ સંસારના વર્તમાન સંયોગો પરિણામે ભયંકર છે, એ સમજાવવાથી જેને એ સમજાય તે આત્મા સંસારના યથાર્થ સ્વરૂપને સમજી શકે.

એકલી વર્તમાનની વાતો કરનારા ધર્મ સાંભળવાને લાયક નથી. શ્રી તીર્થંકરદેવની હાજરીમાં ધર્મ સાંભળનારા દેવો, મનુષ્યો તથા તિર્યંચો ગણાય. બાહ્યદૃષ્ટિએ દેવોનું જીવન સુખમય ગણાય જ્યારે તિર્યંચો અને મનુષ્યનું જીવન મોટે ભાગે થોડું સુખમય તો થોડું દુઃખમય ગણાય. પણ ધર્મ સાંભળવાને વધારે યોગ્ય મનુષ્ય ગણાય. કારણ કે ધર્મને જીવનમાં આચરવા માટે મનુષ્યમાં જે શક્તિ છે, તે દેવોમાં પણ નથી. હવે મનુષ્યમાં પણ જેઓ સુંદર પુણ્ય ઉપાર્જીને આવ્યા છે, તેઓ સુખી બહુ અને દુઃખી અલ્પ હોય છે. પુણ્યનો ભોગવટો કરનાર, એ આત્માને સંસારની અસારતા ક્યારે જચે? ધર્મ ક્યારે રૂચે? એની દૃષ્ટિ વર્તમાન પરથી ભવિષ્ય પર જાય તો. કેવળ વર્તમાન દૃષ્ટિનો વિચાર કયો? ભૂખ લાગે તો ખાવું, તરસ લાગે તો પાણી પીવું, ઈચ્છાનુસાર ચીજો મેળવવી એમાં જ સુખ માન્યું છે ને? હવે વિચારો કે ભૂખ્યાને અન્નની જરૂર, તરસ્યાને પાણીની જરૂર, તડકાથી તપેલાને છાંયાની જરૂર, ઠંડી લાગે ત્યારે ગરમીની જરૂર, આ બધી જરૂરિયાત માને પણ ધર્મની જરૂર ક્યારે માને?

આજે કહે છે કે-ભૂખ્યાને ધર્મ રૂચે? તરસ્યાને તત્ત્વની વાતો ગમે? દરેક અવસ્થામાં આત્માએ દુનિયાના પદાર્થોથી સુખ માન્યું છે. આ સ્થિતિમાં સંસારની અસારતા અને ધર્મની જરૂર જણાય? સંસારની અસારતા જણાવી ધર્મની જરૂરિયાત જ્ઞાનીએ ફરમાવી, તે વર્તમાનને જ જોઈને નહિ પણ પરિણામને જોઈને. પૂ. આ. **શ્રી હરિભદ્રસૂરિ મહારાજા** ફરમાવે છે કે 'સમ્યગ્દૃષ્ટિ આત્મા સંસારમાં ન રમે' તેનો હેતુ એક જ છે કે તેનો મિથ્યાત્વ રોગ ગયો છે, બુદ્ધિ શુદ્ધ થઈ છે માટે, શાસ્ત્રાનુસારી દૃષ્ટિથી સંસાર જેવો છે તેવો જોઈ શકે છે-એ ન જોઈ શકાય ત્યાં સુધી ધર્મ સમજાવો કઠિન છે.

અત્યારે મોટો ભાગ કહે છે કે, 'આ જમાનામાં પૈસાની જરૂર છે, ધર્મની નહિ.

**સભાઃ** ***જરૂર હોય પણ તેથી મળી જાય છે થોડા?***

પણ એ વિચારે તો ને? ગરીબ કેમ? તો કહે કે આવડત નથી. આવડત કેમ નથી? તો કહે કે ભણ્યો નહિ! ભણ્યો કેમ નહિ? તો કહે કે રમતિયાળ હતો-રમતિયાળ કેમ? તો કહે કે ટેવ પડી હતી માટે. આવી આવી વાતો કરે પણ આથી આગળ બીજું કાંઈ વિચારે જ નહિ.

એ લોકો કહે છે કે-ભૂતકાળ તો ગયો અને ભવિષ્ય તો આવે ત્યારે ખરો. અત્યારે તો વર્તમાન ચાલે છે માટે એની જ વાત અને એના જ વિચાર કરવા જોઈએ. ભૂતકાળનો વિચાર કર્યા કરનારા ગાંડા છે. ભવિષ્યની ચિંતા કરનારા મૂર્ખા છે, વર્તમાનની વાતો કરનારા ડાહ્યા છે, એવો તેમને મત છે.

## આજે કેવું કેવું બોલાય છે!

આજે પવન કઈ જાતનો ફૂંકાય છે, તે જુઓ! એલફેલ બોલનારા ક્યાં સુધી બોલે છે, તે વિચારો! તેઓ શું બોલી રહ્યા છે તે સમજવાની તેમનામાં બુદ્ધિ નથી. એક બાઈ કહે છે કે-'**મહાવીર** પછી નવસો વર્ષે એટલે આજથી સેંકડો વર્ષો પૂર્વે લખાયેલાં શાસ્ત્રોને વળગી રહેવું એ તો અંધારિયા કૂવામાં ડૂબકી મારવા જેવું છે.' ભાઈઓ જેમ તેમ બોલે તો બાઈઓ કેમ ન બોલે? વળી આવું બોલનારાં શ્રાવક-શ્રાવિકા જ છે. એક સાધુ કહે છે કે-'હવે મારાથી ચલાતું નથી માટે લોકોના ઉપકાર માટે હું રેલવિહારી થયો છું.' આ વાત સાધુએ કહી, સાંભળનારાએ તાળી પાડી વધાવી લીધી. એક શ્રાવકે ટેકો આપતાં કહ્યું કે-'આ વાત બરાબર છે. પહેલાંના જમાનામાં તો વાહનોને ઘોડા, બળદ જેવાં પ્રાણીઓ જોડાતાં હતાં માટે એ વાહનોમાં બેસવું એ પાપ હતું, પણ અત્યારે મોટર કે ટ્રેનમાં બેસવું એમાં પાપ નથી.' આ શું કહે છે, એ બધું તમે સમજો છો?

ભગવાનના જમાનામાં દેવવિમાનો હતાં એ તો જાણો છો ને? વળી અત્યારનાં ગાડી, મોટર આદિ વાહનો જેવાં એ ભયંકર ન હતાં, એને આજની જેમ વારંવાર અકસ્માત નડતા ન હતા. એ બધું પણ જાણો છો ને? એ વિમાન એવાં કે થોડીવારમાં ધારો ત્યાં પહોંચાડી દે. દેવો પણ ભગવાનના ભક્ત હતા. જો ઘોડા કે બળદ વિનાના વાહનમાં પાપ ન હોત તો એ વાહનોમાં સાધુને બેસાડી ભગવાને ઉપકાર કેમ ન થવા દીધો? અરે! એક અશ્વને પ્રતિબોધ કરવા માટે **ભગવાન મુનિસુવ્રતસ્વામી** એક રાત્રીમાં સાઠ જોજન ચાલ્યા, તો એ વાહનમાં કેમ બેઠા નહિ? વર્તમાનના વાયરામાં ખેંચાયેલા આ

બધું ભૂલી જાય છે. દિવસે દિવસે વિચારોનો આ કચરો વધતો જાય છે, એ ફેંકી દેવા જેવો છે.

**શ્રી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણજીએ** આગમો પુસ્તકારૂઢ શા માટે કર્યાં? એમણે જોયું કે આ આગમોને યાદ રાખનારા હવે દેખાતા નથી અને જ્ઞાન તો જવા માંડ્યું, તો એના વિના ભવિષ્યના જીવોનું થશે શું? માટે એમણે આગમો પુસ્તકારૂઢ કર્યાં, જ્યારે આજે એ માટે એવું બોલાય છે કે-'એ તો એમના માટે લખ્યાં છે. આપણે શું?' આ તો શિક્ષક વિદ્યાર્થીને શિખામણ આપે કે-'નહિ ભણે તો મોટો થઈને ભીખ માગીશ' ત્યારે વિદ્યાર્થી કહે કે-શિક્ષકને પગાર જોઈએ છે માટે ભણવાની શિખામણ આપે છે'-એના જેવી વાત થઈ. એ ઉપકારી, ભવિષ્યના જીવો માટે અપવાદનું આલંબન લઈને આગમો પુસ્તકારૂઢ કરી ગયા, ત્યારે આ કહે છે કે-'એ તો એમના માટે કરી ગયા, એ અંધારિયા કૂવાને ક્યાં સુધી વળગી રહેશો?'

આવી કલ્પનાનું કારણ એક જ છે કે એમની દૃષ્ટિ ભૂતકાળને પરખતી નથી, ભવિષ્યને વિચારતી નથી. કેવળ વર્તમાન પર જ નિર્ભર છે.

એવાને ધર્મ સમજાવવા પ્રયત્ન કરવો એમાં કેવળ કંઠશોષ સિવાય બીજું કાંઈ ફળ નથી. ધર્મને માટે એ જીવો યોગ્ય જ નથી. ભૂતકાળનો વિચાર ન કરે, ભવિષ્યની ચિંતા ન કરે, એવા જીવોને ધર્મ કદી રુચિકર થવાનો નથી. એ લોકો તો માને છે કે 'ભૂતકાળની વાતોમાં કેવળ ગપ્પાં છે; ભવિષ્યની વાતો માત્ર ભય બતાવવા માટે છે, વર્તમાનમાં જે સમયે જે યોગ્ય લાગે તે કરવું.' આવાની સાથે વાત શી કરવી?

જેમ અનુમાન, આગમ, પ્રત્યક્ષ અને ઉપમાન એ ચાર પ્રમાણમાં એકને ન માને અને બાકીનાં ત્રણને માને તેને પણ નાસ્તિક કહેવાય છે, તેમ ભૂત અને ભવિષ્યકાળની અવગણના કરીને માત્ર વર્તમાનને જ માને તે પણ નાસ્તિક ગણાય.

### માત્ર વર્તમાનનો જ વિચાર કરે તે નાસ્તિકઃ

'હું કોણ? ક્યાંથી આવ્યો? ક્યાં જવાનો? આ વિચારો એ આસ્તિક્યનું લક્ષણ છે.'

**સભાઃ** ***'વર્તમાન એ શું?'***

ચાલુ જીવન. વધારે સૂક્ષ્મતાથી કહો તો માત્ર 'સમય' પણ એવાને 'સમય' ની વાત ક્યાં સમજાવવી? વર્તમાન ગયો તે ભૂત બન્યો અને ભવિષ્ય હતો એ વર્તમાન બન્યો.

**સભાઃ** ***'સમયધર્મ, વર્તમાન જમાનો જોઈ, એ મુજબ ઘડતર ઘડે છે.'***

-એ રોજ ઘડે ને રોજ ફોડે, એની એને કોણ ના પાડે છે? પણ ઘડ્યું કેમ? અને ફોડવાનું શા માટે? એનો વિચાર તો કરવાનો ને? વ્યવહારમાં પણ લીધા યાદ ન રાખે તો ન ચાલે. ગઈ કાલે પૈસા આપ્યા અને આજે પેલો લેનારો કહે કે એ તો ભૂતકાળ થયો. હવે ભૂલી જા! તો આપનારો ભૂલી જાય?

આસ્તિક તે કહેવાય કે જે ત્રણે કાળ વિચારે-હું કોણ? ક્યાંથી આવ્યો? અહીં કેમ? હવે ક્યાં જવાનો? વગેરે બધા વિચારો એ કરે. 'હું એટલે હું જ અને હું આવો જ' આવું વિચારે એ નાસ્તિક. આ 'નાસ્તિક' શબ્દ ઘણાને ખટકે છે. બહુ જૂઠું બોલનારને પણ કોઈ જુઠ્ઠો કહે તો એનાથી સહન થતું નથી. પણ સહન થાય કે ન થાય, ખટકે કે ન ખટકે છતાં સ્વરૂપ જેવું હોય તેવું બતાવ્યા વિના ન ચાલે. એકલા પ્રત્યક્ષ પ્રમાણવાળો નભી શકતો નથી. વસ્તુ જાણવા માટે બધાં પ્રમાણ માને તે જ સાચો આસ્તિક.

આસ્તિકે ભૂત અને ભવિષ્યકાળ બેયને સમજવા તથા વિચારવા પડે. ભૂતકાળના ઈતિહાસને તો આજના લોકો મનઃકલ્પના માને છે; અને ભવિષ્યના વિચાર એમને ગમતા નથી. હવે એમને ધર્મ સમજાવાય કઈ રીતે? શ્રી જૈનસંઘ ત્રણેય કાળ માને કે એક જ? વર્તમાનને જ આંખ સામે રાખનારા કદી ભૂતકાળની વાત વાંચે તો પણ તે વર્તમાનમાં ફાવતી વાતોની પુષ્ટિ માટે જ વાંચે; જેમ સ્વાર્થી માણસ બધાની સાથે ફરે પણ લાભ પોતાનો જ જુએ, ભલે પછી એમ કરવામાં સામાનું સત્યાનાશ નીકળી જતું હોય.

ધર્મ તો વર્તમાન અનુકૂળતાઓની અવગણનામાં છે. વર્તમાનમાં મળેલી સાહ્યબીમાં લેપાવામાં ધર્મ નથી, પણ એના ત્યાગમાં ધર્મ છે. લક્ષ્મીનો ભોગવટો કરાય કે નહિ એ ભવિષ્યને આંખ સામે રાખી વિચાર કરાય તો જ એનું નુકસાન દેખાય અને એનો ત્યાગ થાય. રાજામહારાજાઓએ સાહ્યબી છોડી સંયમ લીધું તે ભવિષ્યના વિચારે. વર્તમાનનો જ વિચાર હોય તો એવું મળેલું છોડાય? ચક્રવર્તી રાજા, મહારાજા વગેરેએ દીક્ષી લીધી ત્યારે એમની પાછળ એમની સ્ત્રીઓના પોકાર હતા કે 'તમારા વિના નહિ જિવાય,' હૈયાફાટ રુદન હતું, પ્રજાના પણ પોકાર હતા છતાં એ બધાને અવગણીને તેઓ શાના આધારે નીકળ્યા? ભવિષ્યના વિચારે,

નહિ કે વર્તમાનના વિચારે. જે ભવિષ્યને ન માને એને ધર્મની જરૂર શી? અને જે ભૂતકાળને ન માને તે ક્યાંથી આવ્યા? કેમ આવ્યા? એ બધો વિચાર ક્યાંથી કરે? આવું જૈનશાસન પામવા છતાં કેવળ વર્તમાન દષ્ટિની જ વાતો કરો તો તમે પણ નાસ્તિકમાં ગણાઓ.

પણ આ વાત ઉપર તો આજે ભયંકર ટીકાઓ થાય છે. કહે છે કે-'આ લોકોએ તો ભવિષ્યની વાતો કરી કરીને વર્તમાનનું સત્યાનાશ વાળ્યું.' પણ વિચાર કરો તો ખબર પડશે કે ભવિષ્યનો વિચાર કરનારો જ ન્યાયશીલ રહી શકે છે. વર્તમાનમાં કેવળ પૈસા જ ભેગા કરવાની ઈચ્છાવાળો અનીતિથી નહિ ડરે. ભવિષ્યનો ખ્યાલ આપવા માટે તો રાજ્યના કાયદા છે અને ભૂતકાળનાં રૂલિંગોનો પણ આધાર લેવાય છે. અમુક ગુના માટે અમુકને આ સજા થઈ તેની નોંધ થાય છે. અને એ દાખલાઓ કેસ ચાલતી વખતે અપાય છે. 'કોઈના ઉપર હુમલો કરવાથી કોર્ટમાં પચીસ ધક્કા ખાવા પડશે અને બચાવ નહીં થાય તો સજા થશે.' આ જાણ્યા પછી ગુસ્સો આવે તોયે હાથ ગજવામાં જ રહી જાય. એ ભવિષ્યના પરિણામનો વિચાર ન કરે અને હાથ ચલાવે તો પોલીસ પકડે. તે વખતે પોલીસને કહે કે હું કાયદાને નથી માનતો તો એ ન ચાલે. પોલીસ કહે કે તું ન માને એ તારી મરજી પણ એટલા માત્રથી કાયદો નીકળી ન જાય.

**સભાઃ** ***'ત્યાં તો કાયદો જાણતો ન હતો એમ કહે તોયે નથી ચાલતું.'***

ન જ ચાલે-કાયદો, ફરજિયાત દરેક નાગરિકે જાણવો જ જોઈએ. દુનિયાના કાયદા માટે ભૂત-ભવિષ્ય માનવા પડે છે, તો કર્મસત્તાને કેવી માનો છો? કહે છે કે 'દુનિયામાં જીવવા માટે જરા પાપ થાય તો એમાં બગડી શું જાય?' હું કહું છું કે એ ન પૂછો. કર્મસત્તાને ત્યાં તો સમયે સમયે આત્મામાં પેદા થતા પરિણામ મુજબ કર્મનો બંધ થયા જ કરે છે. નાનામાં નાના પણ ખરાબ પરિણામની પણ સજા છે. બચાવ કરે કે 'અમુકને માર્યો નથી, ફક્ત વિચાર જ કર્યો હતો' તોયે ન ચાલે. વિચાર કર્યો કે કર્મ બંધાય અને એ કર્મ ઉદયમાં આવે ત્યારે જો ખપાવવાનો પ્રયત્ન ન કર્યો હોય તો સજા ભોગવવી પડે.

જૈનશાસન સમજેલા, જૈનશાસનમાં જન્મેલા આ પરિસ્થિતિ ભૂલે? આ શાસન સમજનારા આંધળા થઈને ઘૂમે? દુનિયાના રંગરાગમાં દોડે? જે જીવો ભાનભૂલા થઈને દુનિયાના રંગરાગમાં જ મસ્ત બનીને રહે એની ગતિ શી? હું આ દયાથી કહું છું. કોઈને નરકે જવું હોય તો રોકી શકાય તેમ નથી. **ભગવાન મહાવીરે કાલસૌકરિક** માટે **શ્રેણિક રાજાને** એ જ કહ્યું હતું કે એ તો નરકે જવા જ સરજાયેલો છે. જેને દુર્ગતિમાં જવું જ હોય, માનવજીવન હારી જવું જ હોય તેને માટે કોઈ ઉપાય નથી. ફરજ એટલી કે તાકાત હોય તેટલી ઉદ્‌ઘોષણા કર્યા કરીએ. આ જે કાંઈ બોલીએ કે કરીએ તે તમારા હિત માટે છે. શાસ્ત્ર કહે છે કે પરહિતપ્રવૃત્તિમાં સ્વહિત નિયમા છે. સામો જો યોગ્ય હોય તો એનું હિત થાય, ન હોય તો ન થાય. પણ પોતાનું હિત તો નિયમા થાય.

## નિયાણાની વિષમતા અને બ્રહ્મદત્તઃ

કેવળ વર્તમાન તરફ દષ્ટિ રાખનારને ધર્મ સમજાવવો કઠિન છે. શ્રી જિનેશ્વરદેવ પણ વર્તમાનને ઉદ્દેશીને સંસારની અસારતા સમજાવી શક્યા નથી. સમજાવાય શી રીતે? ભારે નિયાણાથી મળેલી સાહ્યબી, દષ્ટિને ભવિષ્ય તરફ જવા દેતી નથી, માટે એ નિયમા નરકે જાય છે. એમાંના કેટલાક એ ભવિષ્ય સાંભળે, જચે, મૂંઝાય પણ પરંતુ કહે કે 'બધું ખરું પણ આ ન છોડાય.' **નિયાણું એ એવું બંધન છે કે જે આત્માને ભવિષ્ય તરફ ઢળવા ન દે.**

**બ્રહ્મદત્ત ચક્રવર્તીનો** પૂર્વભવ યાદ છે ને? એ ભવમાં પોતે તથા પોતાના ભાઈ બંને મુનિ હતા. ભાઈ મનુષ્યના આ ભવમાં પણ મુનિ થયા છે. અવધિજ્ઞાન થયું અને એના યોગે આ ભવમાં **બ્રહ્મદત્તની** અવનત દશા જોઈ તેને પ્રતિબોધ કરવા આવ્યા. **બ્રહ્મદત્તે** તેમનો ઉપદેશ સાંભળ્યો. મુનિને જોઈ પૂર્વભવના યોગે પ્રેમ પણ થયો. આનંદ પામ્યો. મુનિની એક એક વાત જચી અને કહ્યું કે 'આપના પર પ્રેમ આવે છે, આપની બધી વાત જચે છે પણ... મને આ સંસાર છોડવાની જરા પણ ઈચ્છા થતી જ નથી.' ઊલટો મુનિને તે કહે છે કે-આપ આ વેષ છોડી મારી પાસે આવી જાઓ-મારી પાસે આટલી સામગ્રી છતાં આપને આવો ત્યાગ શા માટે કરવો જોઈએ? આટલું કાયકષ્ટ શા માટે સહન કરો છો?' આમ ઊલટો મુનિને એ દેશના દેવા બેઠો. મુનિએ એને બહુ બહુ સમજાવ્યો. મુનિની દરેક વાત એણે કબૂલ કરી પણ કહ્યું-'આ બધું છોડાય તો નહિ.' આ નિયાણાનો જ પ્રભાવ હતો.

## નિયાણું એટલે શું?

ધર્મના ફળ તરીકે સાહ્યબી માગવી, એનું નામ નિયાણું. ધર્મનો પ્રભાવ એવો છે કે એનાથી સાહ્યબી મળે જરૂર પણ

એ નિયાણું, ભવિષ્ય તથા ભૂતકાળની દૃષ્ટિને ભુલાવે. પાપાનુબંધીપુણ્ય આ કામ કરે. ભૂતકાળને સાંભળે ખરા, વિચારે પણ ખરા, દૃષ્ટાંતો માને, પણ સંસાર છોડવાની વાતમાં જરાયે તૈયાર ન થાય. પાપાનુબંધી-પુણ્યના યોગે મળેલી લક્ષ્મી એને સંસારમાંથી ખસવા જ ન દે-અરે, મળેલી ચીજ એને ધક્કો મારે તોયે ન ખસે.

**સભા:** ***કર્મ નિકાચિત હોય તો?***

-પ્રયત્ન છતાં ન છોડી શકાય ત્યારે નિકાચિત મનાય કે પ્રયત્ન વિના જ? આંખો મીંચી પથારીમાં પડ્યા રહો તો ચાલે? ઊભા થાઓ છતાં આંખો મીંચાઈ જાય તો તીવ્ર દર્શનાવરણીયનો ઉદય મનાય. પાપાનુબંધીપુણ્યના ઉદયે મળેલી સાહ્યબી એવી છે કે આત્મા એમાં જ રગદોળાય. એ ભૂતકાળ સાંભળે જરૂર, એ વાતો એને રૂચે પણ ખરી, સાચી વાતને એ સાચી ન માને એમ પણ નહિ, 'વિષયાસક્તિ ન તજવાથી અમુક જીવો મહાદુઃખી થયા' એવી વાત સાંભળે અને માને પણ ખરો, વિષયના ભયંકર ભવિષ્યને પણ સાંભળે, આ બધું છતાં જીવનમાં એ બધી વાતો ઉતારવાનું કોઈ કહે તો એને અડવા ન દે.

ઠીક છે. ભૂત-ભવિષ્યની વાતો સાંભળે, માને એટલે દરજ્જે ઘોર મિથ્યાદૃષ્ટિઓ કરતાં આ આત્માઓ પુણ્યવાન ખરા; પણ કેવળ માન્યતામાં જ ક્યાં સુધી રહેવાનું? કેવળ માન્યતા ધરાવનારા પહેલે ગુણઠાણે મંદમિથ્યાત્વીપણામાં કે ચોથે ગુણઠાણે અવિરત સમ્યગ્દૃષ્ટિપણામાં હોય. પણ એમને ત્યાંથી પાંચમે, છઠ્ઠે જવાની ઈચ્છા હોય કે નહિ? તમારે પણ એ રીતે પહેલે કે ચોથે જ રહેવું છે કે પાંચમે છઠ્ઠે જવું છે? અનુત્તરવિમાનવાસી દેવો તદ્દન નિર્વિકાર હોય છે, લગભગ કષાય વિનાના, જેમની જિંદગી આખી ષડ્દ્રવ્યના ચિંતનમાં જ જાય, પણ ગુણસ્થાનક ચોથું! કારણ કે બધું માન્યતારૂપ હોય છે, વર્તાવ નથી. વિકાર નથી પણ અબ્રહ્મ સેવું નહિ, સેવરાવું નહિ એવી પ્રતિજ્ઞા છે? નથી. માન્યતા ગમે તેવી ઊંચી પણ એ સ્થાન જ એવું કે ત્યાં વિરતિ ન હોય. મારે તો તમને છઠ્ઠે ગુણઠાણે લાવવા છે. તેની જ આ મહેનત ચાલે છે.

### કબૂલાત પણ બે રીતે!

પુણ્યયોગે સામગ્રી મળી એ છૂટતી કેમ નથી? છોડવા જેવી માનું છું એમ કહે પણ **શાલિભદ્રની** વાત આવે, ત્યાં કહે કે 'એ મહાન અને અમે પામર!' આમ તરત પોતાની પામરતા કબૂલે જેથી આગળ વધવું જ ન પડે. આ કબૂલાત સાચી છે? કબૂલાત બે રીતે થાય છે. એક હૃદયના દુઃખથી અને એક પોતાના બચાવ માટે અગર તો વાતને કાપી નાખવા માટે. તમારી કબૂલાત હૃદયના દુઃખથી હોય તો હું રાજી. એવાને તો બોલતાંયે હૈયામાં ચીરાડો પડે. જ્યારે બચાવ માટે બોલનારા એવી રીતે બોલે કે જેથી વાત આગળ વધે જ નહીં. એવા માટે તો કઈ ઉપમા આપું? હૃદયના દુઃખથી કબૂલાત કરનારો તો કદમ કદમ વધે, એ વધ્યા વિના ન જ રહે. આગળ વધવાના એના પ્રયત્નો ચાલુ જ હોય.

### સમ્યગ્દૃષ્ટિ જીવની મનોદશા:

જન્મથી સમ્યક્ત્વ યોગે વિરક્ત ભાવનાવાળા સંસારમાં રહેલા આત્માઓ સહજ નિમિત્ત પામતાં તરત સંસારથી ખસે છે. નિમિત્ત મળ્યા પછી જરાયે ઊભા રહેતા નથી. **ધનાજીને** સ્ત્રીઓએ એટલું જ કહ્યું કે-'કહેવું સહેલું છે, કરવું કઠિન છે' તો એટલી વાતમાં એ ચાલી નીકળ્યા. કહી દીધું કે-'આટલી જ વાર, લો કરી બતાવું!' સ્ત્રીઓએ કહ્યું કે 'આ તો મશ્કરી હતી.' **ધનાજી** કહે- 'આપણી મશ્કરી પણ આવી-એ નિષ્ફળ ન જાય' તમને તો સ્ત્રીઓ ગમે તેવાં કઠોર વચનો સંભળાવે તો એ નઠોર બની સાંભળી લો પણ ત્યાંથી જરાયે ખસો નહિ ને?

ઉત્તમ આત્માઓ દુનિયાના ગમે તે પ્રસંગને જોઈને વૈરાગ્ય પામે છે. આજ તો કબૂલ કરી લે કે-'અમે ગુરુકર્મી છીએ'. આમ પોતાને ભારે કર્મી મનાવવામાં પણ ભય ન હોય ત્યાં વાત શી કરવી? સામો વાત કરનારો આગળ વધે જ નહિ ને? વર્તમાન સુખમાં મજેથી પડેલા માટે ધર્મની આરાધના અશક્ય નહિ તો દુઃશક્ય છે. વર્તમાન સુખમાં સુખની માન્યતાવાળાને સમ્યક્ત્વ થવું દુઃશક્ય છે. વર્તમાન સુખ નહિ છોડવાની ભાવનાવાળા માટે ધર્મની આરાધના થવી દુષ્કર છે. મિથ્યાદૃષ્ટિને સમ્યકત્વની પ્રાપ્તિ દુષ્કર છે, કારણ કે, એ વર્તમાન કાળની સાહ્યબીમાં જ સુખ માને છે. સુખ સાહ્યબીમાં ફસાયેલા આત્મા માટે ધર્મની આરાધના દુષ્કર છે; કેમ કે, એ વર્તમાન સુખમાં ફસાયો છે.

આંખનો રોગ જવાથી વસ્તુ વાસ્તવિક સ્વરૂપે દેખાય છે, તેમ મિથ્યાત્વ રોગ જવાથી સંસાર જેવો છે તેવો દેખાય છે અને સંસાર છે તેવો સમજાય તો જ ધર્મની આરાધના માટે સાચો ભાવ જાગે.

**સભા:** ***પાપાનુબંધી પુણ્ય ખપે ખરું?***

-પરિણામની તેવી ધારાથી જરૂર ખપે; પણ એ ધારા

સાચા હૈયાની હોવી જોઈએ, માત્ર હોઠેથી બોલ્યે ન ચાલે. ભૂમિકા એવી સ્વચ્છ બનાવો કે ચિત્ર આપોઆપ ઊપસી આવે. મલિન ભૂમિકા હોય તો પીંછી પણ ખરાબ થાય, રંગ બગડે અને મહેનત નકામી જાય. સ્વચ્છ ભૂમિકા ઉપર ચિત્રામણ સુંદર થાય અને જોનારને આકર્ષણ થાય. એજ રીતે હૈયાને સ્વચ્છ અને નિર્મળ બનાવો. શી રીતે?

अनित्यमेतद भविनां शरीरम्

શરીર અનિત્ય છે ને? અનિત્ય શરીરની, શાશ્વત હોય એ રીતે સેવા કરે ત્યાં શું થાય? એવી સેવા ભગવાનની મૂર્તિની કરે તો? નહાતી વખતે પોતાના શરીરને નખ ન વાગે એની કેટલી કાળજી? અહીં પૂજામાં ભગવાનને નખ ન અડે એની કાળજી રખાય છે? શાશ્વત કોણ? શરીર કે પરમાત્મા? આ શરીરને અનિત્ય કહેવાનું કે માનવાનું પણ ખરું? એક વાર શુદ્ધ માન્યતા આવવી જોઈએ.

**શ્રેણિક મહારાજાને ભગવાન મહાવીરદેવના** નામશ્રવણથી રોમરાજી વિકસ્વર થતી. ભગવાનના સમાચાર રોજ મેળવવા માણસો નિયત કર્યા હતા. રોજ સમાચાર મળતા અને સમાચાર આપનારને રોજ દાન દેવાતાં. એમની ભાવના એવી હતી કે મારા ભગવાનના સમાચાર આપનારને દાન દેવું જ જોઈએ. સમાચાર ઊભા થઈ સાંભળતા, પછી પાંચ-સાત કદમ આગળ જઈ વંદન કરી પછી સિંહાસને બેસતા હતા.

આજે તો કહે છે કે 'આ જમાનામાં પૂજા, સામાયિક, પડિક્કમણાના ટાઈમ હોય?' આજના વેપાર જુદા, રીતભાત જુદી, રાતના અગિયાર, બાર, એક વાગે આવે. સવારે આઠ વાગે ઊઠે, બે ગરમાગરમ ચાહના ગ્લાસ પેટમાં રેડી આ ચાલ્યા. આવી દશા છે. એવાને સંસારમાં ન રમવાની વાત ગમે? સંસારમાં કોણ ન રમે? જે એને બરાબર જોઈ શકે તે. કોણ જોઈ શકે? જે માત્ર વર્તમાનને ન જોતાં ભૂત અને ભવિષ્યનો વિચાર કરે તે.

**સભાઃ** ***ભૂતકાળનો પણ વિચાર કરવો પડે?***

-વર્તમાનકાળ એ ભૂતકાળની મહેનતનું ફળ છે અને વર્તમાન કરણીનું ફળ ભવિષ્ય છે. ભૂતકાળના બળે જ આજની સ્થિતિ છે. ભૂતકાળની કિંમત સમજાય તો જ ભવિષ્યની વિચારણા થાય.

कोऽहं? कुतः समायातः? એ ભૂતકાળની વિચારણા છે.

**સભાઃ** ***'તો પછી गतं न शोचयेत् એમ કહ્યું છે, એ શાથી?'***

આત્માને આર્તધ્યાન થાય તેવા પ્રસંગે આર્તધ્યાનથી બચવા માટે એ વિચારવાનું છે. બાકી તો ભૂતકાળની વિચારણા ખાસ કરવાની છે. ભૂતકાળની વિચારણા કરવાથી જ ભૂતકાળની ભૂલોનો અને એનાં પરિણામોનો ખ્યાલ આવે અને ભવિષ્યમાં એવાં પરિણામોથી બચવા વર્તમાનમાં તેવી ભૂલો ન થાય તેની કાળજી જન્મે. વળી **ભગવાન શ્રી મહાવીરદેવ વગેરે** ચોવીસેય તીર્થંકરદેવોનું તથા તેમની આજ્ઞાનું સ્મરણ એ પણ ભૂતકાળની જ વાત છે ને?

**સભાઃ** ***'એ તો સ્વાધ્યાય છે.'***

-તો એ જ રીતે 'હું કોણ? ક્યાંથી આવ્યો?' વગેરે વિચારણા એ પણ સ્વાધ્યાય છે; માટે ગભરાવાની જરૂર નથી.

ભૂતકાળની વિચારણા ભુલાઈ માટે તો ભવિષ્ય તરફ નજર જતી નથી. 'મારું ઘર, મારી લક્ષ્મી' કરે છે પણ શાસ્ત્ર કહે છે કે એ તારું નથી. એ તારું શાથી? આવ્યું ક્યાંથી? એ વિચાર! એ વિચારવા માટે ભૂતકાળ તરફ નજર દોડાવવી પડશે. ભૂતકાળના ઉપકારોનો વિચાર ન કરે તો બાળક માતાપિતાને હાથ જોડે? ભૂતકાળની વિચારણાની કિંમત બહુ છે. ન માને અને ગમે તેમ બોલે તે જુદી વાત પણ વિચાર કરે તેને માન્યા વિના ચાલે જ નહીં.

**સભાઃ** ***'વાણીસ્વાતંત્ર્યનો યુગ છે ને?'***

-એવા વાણીસ્વાતંત્ર્યને આ શાસનમાં સ્થાન નથી. દુનિયાના પદાર્થોમાં પણ આવું વાણીસ્વાતંત્ર્ય ચાલતું નથી. ત્યાં પણ વસ્તુને ઉદ્દેશીને જ બોલાય છે. માલ લીધા-દીધાની વાત તિજોરીમાં પૈસા હોય તો બોલાય છે ને ? ન હોય ને બોલે તો ભીખ માગે. ભૂતકાળની આવી મહેનતનું આ ફળ છે. એ દૃષ્ટિ હોય તો જ ભવિષ્યનો વિચાર કરાય. વગર કમાયે જેને લક્ષ્મી મળે, તેને તેની કિંમત નથી હોતી પણ જેની પાસે પહેલાં ન હોય અને પછી ઘણી મહેનતથી મળે તે તો સાત વીસે સો માને છે. પાંચ વીસે નહિ પણ સાત વીસે સો માને એનો અર્થ એ કે એને એની મુશીબતના અનુભવનો પૂરો ખ્યાલ છે.

### આસ્તિકતા-નાસ્તિકતાઃ

ભૂતકાળને સમજ્યા વિના ભવિષ્યકાળને સુધારવાનું મન ન થાય. મનુષ્યજીવન એ શાનું પરિણામ? ભૂતકાળ કેવો હશે

ત્યારે આ ભવ મળ્યો? એ જો વિચારો તો ભવિષ્યની ચિંતા જાગે અને ત્યાગદશા જાગે.

**સભાઃ** ***'મેઘકુમારને એમ જ થયું ને?'***

-બધાને મોટા ભાગે એવું જ બને છે. ભૂતકાળના થોડા ધર્મને અને એના વર્તમાન પરિણામને વિચારે તો ભવિષ્યમાં અધિક ધર્મ કરે-ભૂતકાળને ન વિચારનારા ભવિષ્યનો વિચાર કરી શકતા નથી. ભૂત અને ભવિષ્ય બંને કીમતી છે. પણ ભવિષ્યની જરૂર સમજાય ક્યારે? ભૂતકાળ સારો હશે માટે જ વર્તમાન સારો છે એમ વિચારાય, સમજાય અને મનાય તો ને? એય દૃષ્ટિ સામે રાખવી પડશે. એક પણ દૃષ્ટિને બાજુ પર નહિ મુકાય.

વર્તમાનનાં દૃષ્ટાંતો તમને એટલી પ્રેરણા નહીં આપે. 'જોયો એને હવે!' એમ જ થશે. ભૂતકાળનાં દૃષ્ટાંતોથી હેરત પમાશે. એ દૃષ્ટાંતો અનુકરણીય મનાશે, તો એ દૃષ્ટાંતોના અવલંબને આત્મા ઊંચો આવશે. આસ્તિકતા મેળવવી હોય તો ભૂત-ભવિષ્ય વિચારવાં પડશે અને વર્તમાનને ગૌણ કરવો પડશે. સાધુ, દેશવિરતિ, વ્રતધર, નિયમધર ક્યારે થાય? સુખસામગ્રીનો ત્યાગ ક્યારે થાય? ભૂત-ભવિષ્યનો ખ્યાલ કરાય તો. કેવળ વર્તમાન દૃષ્ટિવાળો તો મળ્યું એને ભોગવવાનું માને છે અને કહે છે; જ્યારે ભૂત-ભવિષ્ય દૃષ્ટિવાળો મળ્યું એમાં ન મૂંઝાવામાં માને છે અને કહે છે.

આસ્તિકે ભૂત-ભવિષ્ય લક્ષ્યમાં રાખી વર્તમાનને ગૌણ કરવો પડશે, સુખ મૂકી દુઃખ સ્વીકારવું પડશે.

**સભાઃ** ***'શું વર્તમાન જોવાનો જ નહિ?'***

-વર્તમાનને જોવાનો પણ તે ભવિષ્યને ઉજ્જવળ બનાવે તે રીતે. વર્તમાનનો ઉપયોગ જીવનને વિરાગમાર્ગે વાળવા માટે છે. વર્તમાનમાં લાખ મળતા હોય ત્યાં ધ્યાન રાખવું કે નીતિ છૂટી ન જાય. નીતિ રહેતી હોય તો ભલે, નહિ તો લાખ પાછા જવા દેવા, વર્તમાન આ રીતે જોવાય. પૂર્વની સારી કાર્યવાહીથી આ મળ્યું છે માટે ભવિષ્યની સાધના માટે વર્તમાન કેવો ગાળવો એ ત્યારે જ વિચારાય-એ વિચાર વિના બંગલા બગીચામાં પડેલાને ધર્મ ગમે? નાસ્તિકતાનું મૂળ અહીં છે.

નાસ્તિકતા તો બધે બેઠેલી છે. આસ્તિકતા એવી છે કે એને લાવવાની મહેનત કરવી પડે. આવ્યા પછી જાળવવાની મહેનત કરવી પડે. જાળવતાં ન આવડે તો ચાલી જતાં વાર ન લાગે, અને તરત નાસ્તિકતા આવે. આજના આસ્તિક ક્યારે નાસ્તિક થાય એ ન કહેવાય, ધર્મ કરતાં જરા આપત્તિ આવી એટલે નાસ્તિકતા આવીને ઊભી રહે. આજની આ દશા છે.

**સભાઃ** ***'નિમિત્તવાસી જીવ છે ને?'***

-માટે તો કહે છે કે સારાં નિમિત્તો મેળવવાની ઉતાવળ કરો! પૂજા કરવા ગયો અને આપત્તિ આવી કે તરત બોલે કે 'ધર્મમાં શું છે?' એટલે નાસ્તિકતા આવી. શાસ્ત્ર કહે છે કે-પૂજા કરવા આવ્યો એ તો ખરું પણ પૂર્વે ઊંધું વાળીને આવ્યો છે એનું શું?

### ચાર પુરુષાર્થમાં હેય-ઉપાદેયઃ

ધર્મને ગૌણ કરી અર્થ-કામને મુખ્ય બનાવવાની આજે કાર્યવાહી ચાલે છે અને એનાં આ પરિણામો છે. હાલ કેટલાક શ્રાવકો પણ એમ કહે છે કે -''ધર્મને હમણાં ગૌણ કરો અને દુનિયાને પૈસેટકે ભરપૂર બનાવો.'' ધર્મને બદલે અર્થકામની મુખ્યતા હોય એવો કોઈ કાળ હોય?

પુરુષાર્થ ચાર છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. સમ્યગ્દૃષ્ટિ માટે અર્થ-કામ હેય છે અને મોક્ષ તથા એના માટે ધર્મ ઉપાદેય છે. જેઓ કામને સાધ્ય અને અર્થને સાધન માને તે મિથ્યાદૃષ્ટિ છે; અને જેઓ મોક્ષને સાધ્ય માની ધર્મને તેનું સાધન માને તે સમ્યગ્દૃષ્ટિ છે. તેનાથી કપટ ન થાય, એ કોઈને લૂંટે નહિ, કેમકે એ બધું અનિત્ય માને છે-જેનું મોક્ષ સાધ્ય તેનું સાધન શું? દાન, શીલ, તપ અને ભાવ. જેનું સાધ્ય ભોગ તેને જરૂર અર્થની. એનાથી દાનાદિ ધર્મ થાય? એને દાન માટે કહેવાય તોયે વિચારે કે-'મહારાજ તો કહે પણ આજે કાંઈ કમાયો?' ગયે વરસે પાંચ લાખ કમાયો એ ન વિચારે પણ આ સાલ ન કમાયો એ વિચારે.

દાન, શીલ, તપ, ભાવ ગમે કોને?

મોક્ષને સાધ્ય અને ધર્મને સાધન માને તેને કે કામને સાધ્ય અને અર્થને સાધન માને તેને? આજે તો સારા સારા શ્રાવકો, મંદિર, ઉપાશ્રયનો વહિવટ કરનાર ટ્રસ્ટી બનેલા શ્રાવકો કહે છે કે- એકલી ધર્મ કરવાની વાતો હવે બંધ કરો. આવું કહેનારાના હાથમાં મંદિરનો વહિવટ હોય પછી સ્થિતિ શું થાય? દુનિયામાં જાહેર કરો કે મંદિર, ઉપાશ્રય અને ધર્મસ્થાનોના ટ્રસ્ટી તે જ થઈ શકે કે જેઓ અર્થકામને હેય માનતા હોય, મોક્ષને સાધ્ય અને ધર્મને મોક્ષના સાધન તરીકે માનતા હોય. તમે આવી જાહેરાત કરો પછી પેલાઓ ઊંધી

પ્રવૃત્તિ કરતા હોય તો તે દુનિયાની નજરે પણ ખોટી જણાય. આવું જાહેર કર્યા વિના હવે તમારો છૂટકો જ નથી. જેઓ મુક્તિને માનતા નથી, જેમને મુક્તિ જોઈતી નથી, ગમતી નથી, જેમને ધર્મની કિંમત નથી, એવા વહિવટદારો અવસરે શું કરશે? જરૂર પડે તો લૂંટારો પણ શેઠને સલામ કરે, પગ પણ દાબે પણ એની કિંમત શું? એ તો દાવ શોધતો રહે અને કોઈ ન હોય ત્યારે પગ દાબતાં દાબતાં ગળું પણ દાબી દે. વાણિયો પણ કહે છે કે કચરો કાઢનારો પાંચ રૂપિયાનો પગારદાર પણ પ્રામાણિક જોઈએ. કચરામાંથી જડેલી પાવલી ખિસ્સામાં મૂકે એવો ન ચાલે. પગારમાં કદી પાંચના સાત આપે પણ વસ્તુ ઉપાડી ખિસ્સામાં ન મૂકે એવો નોકર શોધે. તેમ અહીં ટ્રસ્ટીઓ ધર્મની ગાદીને વફાદાર હોવા જોઈએ.

આપણી વાત એ ચાલે છે કે સમ્યગ્દૃષ્ટિ શ્રાવક ભૂત ભવિષ્યને વિચારે અને વર્તમાનને ભૂલે. વર્તમાનને કદી જુએ તો પણ એટલા પૂરતો જુએ કે તેમાં પ્રભુની આજ્ઞાનું પાલન કઈ રીતે વધુ થાય. ચાર પુરુષાર્થમાં સમ્યગ્દૃષ્ટિ માટે બે ઉપાદેય છે. અને અર્થ-કામ એ બે હેય છે. એ જચે તો સંસાર ઓળખાયો કહેવાય-નહિ તો સંસાર ભયંકર લાગે? રોજ સંસારની ભયંકરતા વર્ણવાય છે, અનુભવાય છે, છતાં હજી એ વાતમાં શંકા રહે છે, એનું કારણ? કારણ કે અર્થ-કામ ઉપાદેય મનાઈ ગયા છે. મોઢે ગમે તેમ બોલો પણ હૈયાને પૂછો. અહીંથી બહાર જઈને એવું બોલનારા પણ સાંભળ્યા છે કે - 'મહારાજ તો કહે પણ પૈસા વિના ઘી-દૂધ આવે? લુખ્ખા રોટલા ગળે કઈ રીતે ઊતરે, તે મહારાજને શું ખબર પડે? પાડોશી મોટરો દોડાવે અને અહીં તો હજી સાયકલ પણ જોવા મળી નથી, કેવી કમનસીબી! પૈસા વિના આ બધું શી રીતે થાય? મહારાજ તો પૈસા છોડવાની વાતો કરે પણ અહીં તો પૈસા વિના ડગલું પણ ભરાતું નથી.' આવું આવું બોલનારા અમારું માપ કઈ રીતે કાઢે છે તે વિચારો.

વળી કહે છે કે 'સાધુઓએ આ બધું સમજી ગૃહસ્થો સુખી બને, મોટર, બંગલા બગીચાવાળા બને એવી યોજનાઓ ઘડી સમાજ સમક્ષ મૂકવી જોઈએ. જો આવું કાંઈ કરે તો એ દેશકાળના જાણ. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને સમજનારા કહેવાય. આ તો પાટે બેઠા કે બધું છોડવાની જ વાતો કરે તે આ જમાનામાં કેમ ચાલે?' આવું બોલનારા સાથે અમારે મેળ કઈ રીતે મળે?

હું તો કહું છું કે ભૂત-ભવિષ્યને ભૂલનારા અને કેવળ વર્તમાનને ઈચ્છનારાએ જૈન સાધુના વ્યાખ્યાનમાં આવવું જ નહિ. આવવા માટે એક બારી ખુલ્લી છે તે એ કે વર્તમાનમાં પણ સુખપૂર્વક જીવી શકાય એ માટે નીતિ વગેરેના પાઠ શીખવા માટે આવવું હોય તો ભલે આવે. પણ ખાતરી છે કે જેને ભવિષ્યનો ડર નથી તે નીતિના પાઠ સાંભળવાનો કે અમલમાં મૂકવાનો નથી. કદી નીતિનો દેખાવ કરે તોયે એ આડંબર હશે-એવાઓ ક્યારે અનીતિ તરફ ખેંચાય એ કહેવાય નહિ.

જેઓ ભૂત-ભવિષ્યનો વિચાર નથી કરતા, તેઓ વર્તમાનની ધર્મક્રિયા કરે શા માટે? એ ધર્મક્રિયા એમને આપે શું? દાન કરવામાં તો આપવાનું છે, શીલ પાળવામાં ભોગસામગ્રીનો કાપ છે, કાયા અને ઈંદ્રિયો પર અંકુશ આવે છે, તપ કરવામાં છતી સામગ્રીએ ન ખાવું કે ઓછું ખાવું થાય છે અને ભાવમાં કોઈનું ભૂંડું ઈચ્છવા પર પ્રતિબંધ મુકાય છે. આ બધું એને કેમ ફાવે? આવા જીવો દાન, શીલ, તપ અને ભાવ કઈ આશાએ કરે? કોઈ કહેશે કે નામના માટે! પણ નામના માટે દાન, શીલ, તપ, ભાવ વાસ્તવિક સ્વરૂપે થતાં નથી. સાચું દાન તે દઈ ગયા કે જે લક્ષ્મીને અસાર માનતા. લક્ષ્મીની તેમને કિંમત ન હતી. કેમ? સંસાર જેવો છે તેવો તેઓ જોઈ શક્યા માટે. એ જીવો તત્ત્વશ્રદ્ધાળુ હતા. એવા જીવો સંસારસાગરમાં રમે નહિ.

**સભા:** ***'અર્થ-કામ હેય છતાં એ પુરુષાર્થ કેમ?'***

-કારણ કે એ પણ મળે છે પ્રયત્નથી માટે. પુરુષોથી એ ઈચ્છાય છે એ દૃષ્ટિએ પણ એને પુરુષાર્થ કહ્યા છે પણ છે તો એ હેય જ.

**બહિરાત્મા, અંતરાત્મા, મહાત્મા અને પરમાત્મા:**

હવે પૂજ્ય આ. **શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા** ફરમાવે છે કે-

તદ્દ્રષ્ટ્વા ચિન્તયત્યેવં પ્રશાન્તેનાન્તરાત્મના।
ભાવગર્ભ યથાભાવં પરં સંવેગમાશ્રિતઃ ।।

**અર્થઃ** સંસારના સ્વરૂપને જોઈને પરમ સંવેગને પામેલો સમ્યગ્દૃષ્ટિ આત્મા પ્રશાંત એવા અંતરાત્મા દ્વારા ભાવનાને અનુરૂપ એવા ઉપયોગપૂર્વક સંસારના સ્વરૂપની યથાર્થ વિચારણા કરે છે.

આત્મા ત્રણ પ્રકારના છે. બહિરાત્મા, અંતરાત્મા, પરમાત્મા, વચ્ચે મહાત્મા પણ આવે.

**બહિરાત્મા-અંતરાત્મા-પરમાત્મા**

***બહિરાત્મા પહેલા ગુણઠાણે હોય. ચોથેથી એ અંતરાત્મા કહેવાય, છઠ્ઠેથી મહાત્મા અને તેરમે ગુણઠાણે પરમાત્મા બને. દુનિયાની વસ્તુને પોતાની માને તે બહિરાત્મા. શરીરને 'હું' માને તે બહિરાત્મા. 'હું' શરીરથી જુદો, એમ માને તે અંતરાત્મા. શરીરને જે પર માને, તે સંસારની બીજી ચીજને પોતાની માને? સંસારનું સ્વરૂપ સમજી શકે, શરીરાદિથી આત્માને ભિન્ન માને તે અંતરાત્મા. ચોથે પાંચમે ગુણઠાણે એ હોય. છઠ્ઠે મહાત્મા બની આગળ વધતાં વધતાં તે પરમાત્મા થાય. પરમ આત્મા તે પરમાત્મા. છઠ્ઠે પહોંચીને મહાત્મા બનેલા ટ્રેન કે મોટરમાં બેસે? કંદમૂળ આદિ ખાય? વાડીવજીફા રાખે? વાડીનો પાક સાચવવા કાળજી રાખે તો મહાત્મા કહેવાય? સાધુ વેષમાં રહીને સાધુએ ન કરવાનાં કામો કરે તે મહાત્મા કહેવાય કે અધમાત્મા?***

### બહિરાત્મા-અંતરાત્મા-પરમાત્મા

બહિરાત્મા પહેલા ગુણઠાણે હોય. ચોથેથી એ અંતરાત્મા કહેવાય, છઠ્ઠેથી મહાત્મા અને તેરમે ગુણઠાણે પરમાત્મા બને. દુનિયાની વસ્તુને પોતાની માને તે બહિરાત્મા. શરીરને 'હું' માને તે બહિરાત્મા. 'હું' શરીરથી જુદો, એમ માને તે અંતરાત્મા. શરીરને જે પર માને, તે સંસારની બીજી ચીજને પોતાની માને? સંસારનું સ્વરૂપ સમજી શકે, શરીરાદિથી આત્માને ભિન્ન માને તે અંતરાત્મા. ચોથે પાંચમે ગુણઠાણે એ હોય. છઠ્ઠે મહાત્મા બની આગળ વધતાં વધતાં તે પરમાત્મા થાય. પરમ આત્મા તે પરમાત્મા. છઠ્ઠે પહોંચીને મહાત્મા બનેલા ટ્રેન કે મોટરમાં બેસે? કંદમૂળ આદિ ખાય? વાડીવજીફા રાખે? વાડીનો પાક સાચવવા કાળજી રાખે તો મહાત્મા કહેવાય? સાધુ વેષમાં રહીને સાધુએ ન કરવાનાં કામો કરે તે મહાત્મા કહેવાય કે અધમાત્મા?

### મહાત્માને ઓળખોઃ

જૈનો ગાડરીઆ પ્રવાહમાં તણાય? વસ્તુના એ વિવેકી હોય કે આંખો મીંચીને જેને તેને માનનારા હોય? જેને ખાવા-પીવાનો વિવેક ન હોય, એ મહાત્મા? સર્વ દેવ-ગુરુ-ધર્મ સરખા મનાય? અરે! એ દૂર રહ્યું પણ જે દેવ-ગુરુ-ધર્મ ન જ માને, તે ક્યો આત્મા કહેવાય? આર્યદેશમાં ગુરુ ન મળવાનો હેતુ શું હોય? પોતે પોતાનામાં ગુરુતા માની એટલે બીજા બધા લઘુ જ દેખાય. એ કહે છે કે-હું અપૂર્ણ ખરો, પણ મેં મારા જેવો પણ કોઈને જોયો નથી; એમ કહે એટલે શું? એટલે એમ કે 'હું સર્વથી અધિક' આ તો એક જાતની વાગ્જાળ છે. 'હું અપૂર્ણ ન કહે તો કોઈ સાંભળે નહિ. અપૂર્ણ છતાં સર્વથી તો પોતાને અધિક જ માને છે. એવાને દેવ, ગુરુ, ધર્મ માટે પૂછો તો શું કહે? એ કહે કે દેવ તો છે જ નહિ. પથ્થરને દેવ મનાય નહિ. ગુરુ આ કાળમાં કોઈ જોવા મળતા નથી. અને અંતરનો અવાજ એ જ સાચો ધર્મ. આ એની માન્યતા. કહે કે- 'શાસ્ત્ર માનું ખરો પણ મારા અંતરના અવાજને અનુસરે તો' આવાનું શાસ્ત્ર થવું હોય તેણે એના અંતરના અવાજને અનુસરવું જોઈએ. શાસ્ત્ર પણ કહી દે કે 'મારે તારું શાસ્ત્ર બનવું નથી.'

આવાને આર્યદેશ તો મળ્યો પણ હૈયામાં અનાર્યતા આવી ગઈ. એ કહે છે કે- 'ગમે તેવી ચીજ પણ અમુક સમયે ખાવામાં હરકત નથી. વસ્તુ અભક્ષ્ય હોય તો પણ સમય આવે ખાવામાં પાપ ન ગણાય.' આમ બોલે એ ચાલે? માનો કે કદી ખાવી પડી - ખાધી નહિ પણ ખાવી પડી-તોયે પાપ એ પાપ નહિ? આવી વાતો અંતરાત્મા કે મહાત્માથી કરાય?

કલિકાલસર્વજ્ઞ આ **શ્રી. હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ** ફરમાવ્યું છે કે-

स्याच्छैशवे मातृमुखस्तारूण्ये तरूणीमुखः।
वृद्धभावे सुतमुखो, मुर्खो नान्तर्मुखः क्वचित्।।१।।

બલ્યાવસ્થામાં માનું મોં જુએ, જુવાન થાય એટલે પત્ની સામે જુએ, ઘરડો થાય એટલે છોકરા તરફ જુએ પણ એ ગમાર માણસ પોતાના આત્મા તરફ કદી જોતો નથી.

આ દશા હોય, ત્યાં શું થાય? આ બધાં બહિરાત્માનાં લક્ષણ છે.

**સભાઃ** ***'બહિરાત્મામાં જુદા જુદા ભેદ હોય?'***

હોય, પણ તેની મહત્તા નથી. બધાય પથ્થરની ખાણ, કોઈ વાંકો તો કોઈ ગોળ તો કોઈ અણીદાર-પણ આખરે બધા પથ્થર. ભગવાનની મૂર્તિ ક્યા પથ્થરની થાય? ટાંકણું મારતાં ભાંગી જાય એની? ના. ટાંકણાનો ઘા ખમી શકે એવા પથ્થરની જ મૂર્તિ થાય. એ જ રીતે ધર્મના સિદ્ધાંતો પચાવી શકે તે અંતરાત્મા બની ધીરે ધીરે પરમાત્મા બની શકે.

**સભાઃ** ***''મહાત્મા' શબ્દ પારિભાષિક છે?'***

-જૈનશાસનમાં એ વાત રૂઢ છે કે જે તત્ત્વદષ્ટિ ધરાવતો આત્મા પોતાની સમજનો પૂરો અમલ કરે તે મહાત્મા. દુનિયા

**મહાત્માને ઓળખોઃ**

*જૈનો ગાડરીઆ પ્રવાહમાં તણાય? વસ્તુના એ વિવેકી હોય કે આંખો મીંચીને જેને તેને માનનારા હોય? જેને ખાવા-પીવાનો વિવેક ન હોય, એ મહાત્મા? સર્વ દેવ-ગુરુ-ધર્મ સરખા મનાય? અરે! એ દૂર રહ્યું પણ જે દેવ-ગુરુ-ધર્મ ન જ માને, તે ક્યો આત્મા કહેવાય? આર્યદેશમાં ગુરુ ન મળવાનો હેતુ શું હોય? પોતે પોતાનામાં ગુરુતા માની એટલે બીજા બધા લઘુ જ દેખાય. એ કહે છે કે-હું અપૂર્ણ ખરો, પણ મેં મારા જેવો પણ કોઈને જોયો નથી; એમ કહે એટલે શું? એટલે એમ કે 'હું સર્વથી અધિક' આ તો એક જાતની વાગ્જાળ છે. 'હું અપૂર્ણ ન કહે તો કોઈ સાંભળે નહિ. અપૂર્ણ છતાં સર્વથી તો પોતાને અધિક જ માને છે. એવાને દેવ, ગુરુ, ધર્મ માટે પૂછો તો શું કહે? એ કહે કે દેવ તો છે જ નહિ. પથ્થરને દેવ મનાય નહિ. ગુરુ આ કાળમાં કોઈ જોવા મળતા નથી. અને અંતરનો અવાજ એ જ સાચો ધર્મ. આ એની માન્યતા. કહે કે- 'શાસ્ત્ર માનું ખરો પણ મારા અંતરના અવાજને અનુસરે તો' આવાનું શાસ્ત્ર થવું હોય તેણે એના અંતરના અવાજને અનુસરવું જોઈએ. શાસ્ત્ર પણ કહી દે કે 'મારે તારું શાસ્ત્ર બનવું નથી.'*

જેમાં રવડે તેમાં જે ન રવડે તે મહાત્મા. બાકી તો કોઈને રોટલીનો ટુકડો ન મળે અને કોઈને ઘેબર મળે, કોઈને સૂવા કંથા પણ ન મળે અને કોઈને સદાયે પુષ્પની શય્યા મળે, ગધેડો રાખમાં આળોટે અને શ્રીમંત પલંગમાં આળોટે, આ બધામાં ભેદ છે પણ એની કોઈ મહત્તા નથી. બધાંયે બહિરાત્મ દશાનાં લક્ષણ છે.

**વ્યાખ્યાન શા માટે?**

અંતરાત્મા તે કહેવાય કે જે દુનિયાના એકેએક પદાર્થથી પોતાને પર માને, એ ક્યારે બને? ભૂત-ભવિષ્યનો વિચાર કરે તો ! ભૂતને ન માને, ભવિષ્ય ન વિચારે તે નાસ્તિક છે, પછી તમે હો કે હું હોઉં! હું પણ ભૂત-ભવિષ્યને ભૂલીને વર્તમાનમાં થતી વાહવાહ માટે વ્યાખ્યાન વાંચું, તો હું પણ નાસ્તિક. વ્યાખ્યાન તમારી પાસેથી વિદ્વત્તાનું સર્ટિફિકેટ મેળવવા માટે નથી. વાહવાહ માટે વ્યાખ્યાન વાંચનારને પાનાં હાથમાં જ રહી જાય. એ કદી પાનાં વાંચે તોયે નામના માટે બાકી તો મોઢાનાં ગપ્પાં જ મારવાં પડે. કારણ કે વ્યાખ્યાન પણ સામાને રાજી કરવા માટે જ વાંચવાનું છે ને? એવા ઉપદેશકે કહ્યું કે- 'ભગવાને ત્યાગ કહ્યો તે અમારા માટે, તમે ત્યાગ કરવા જશો તો માર્યા જશો. લક્ષ્મી પેદા કરવામાં મૂંઝાવું નહિ. વસુ વિનાનો નર પશુ છે. અમે સાધુ, માટે અમારે પૈસા ન હોય, પણ તમારે એના વિના કેમ ચાલે? અમારે પણ નિભાવ તો તમારા પર છે ને?' શાસ્ત્રો વાંચવાનું આ પરિણામ? આવું એક બે કે ચાર આઠ દિવસ વાંચે એટલે ચાલ્યું. એ એના શ્રાવક અને એ એના ગુરુ, બેય પંચમ કાળના કલ્પતરુ અને સમયના જાણ! માટે સમજો કે વ્યાખ્યાન વાહવાહ માટે નથી.

**ઉપેક્ષાનું પરિણામઃ**

કેટલાક કહે છે કે-'આવું કરવું કહેવાય?' પણ જો કરવું કહેવાનું ન હોત તો વ્યાખ્યાનની જરૂર શી? જે કરો છો તે જ કહેવાનું હોય તો પિષ્ટપેષણની જરૂર શી? કરી રહ્યા છો, તે જ કહેવાનું કે નથી કરતા તે? ઘરબાર, સ્ત્રી પરિવાર, પૈસાટકા માટે તો મહેનત ચાલુ જ છે. આજે તો વળી વિધવાઓને ઠેકાણે પાડવાની પણ વાત ચલાવે છે. પણ એક વિધવાએ ભરસભામાં કહ્યું કે- ''પંદર વર્ષથી વૈધવ્ય પાળું છું પણ મને વૈધવ્ય જણાયું નથી. વિષય કષાયનો ત્યાગ જાળવી શકું છું. કદી કોઈ વિધવા અપવાદે ખરાબ બની, તે માટે વિધવા માત્રને શા માટે વગોવો છો? તમારી દૃષ્ટિ જ રાગી બની ગઈ જણાય છે!''

આજની ભાવનાઓ અને વિચારો એવા ઉદ્દામ બન્યા છે જે ભૂત અને ભવિષ્યને ભુલાવે છે. એ ભુલાયું કે નાસ્તિકતા આવી. કેવળ વર્તમાનના દૃષ્ટા સાથે શ્રી જૈનશાસનને મેળ નથી. **ભૂત ભૂલે, ભવિષ્ય અવગણે અને કેવળ વર્તમાનમાં રચ્યાપચ્યા રહે એ બહિરાત્મા છે.**

કેટલાંક વર્ષ પહેલાં એક સાધુએ રેલવિહાર કર્યો. ત્યારે અન્ય સાધુઓએ અવાજ ઉઠાવ્યો હતો. પણ બેદરકારી થઈ અને ઉપેક્ષા સેવાઈ. આજે વાત વધી. રેલ પછી હવે સ્ટીમર આવી. સેંકડો જૈનો સમક્ષ રેલવિહાર કરનાર મુનિએ ખુલ્લું કહ્યું કે-'પારકાના ભલા માટે રેલ વિહાર કરું છું.' એક ભાઈ સમજાવે છે કે બળદ, ઘોડા વગેરે જોડાય એ વાહનમાં પાપ, પણ રેલ કે મોટરમાં પાપ નથી, કારણ કે ત્યાં કોઈ જીવ મરતા નથી. આજે જે ત્યાં બોલાયું તે જતા દિવસે મુંબઈના ચોગાનમાં બોલાશે. એક બે પાંચ દશ ભેગા થયા એટલે પ્રવાહ ચાલશે. પછી વાહનમાં નહિ બેસનારા પુરાણપાઠી અને એમનો જ કક્કો ઘૂંટનારા કહેવાશે.

આવા કોઈ ફંદામાં તમે ન ફસાઓ માટે આટલી ચેતવણી આપું છું.

દૃઢ સમ્યક્ત્વને રૂઢ બનાવવા માટે હજી પણ શું કરવું જોઈએ તે હવે પછી.

(ક્રમશઃ)

# અવંતિપતિ શ્રી સમરાદિત્યનું ચરિત્ર

(અપ્રગટ)

**(ગતાંકમાં જણાવ્યા મુજબ હવે પછીનું અવતરણ નહિ હોવાથી ચરિત્રના બાકી રહેલા અલ્પ ભાગનો આ અંકથી ભાવાનુવાદ પ્રગટ કરી ચરિત્ર પૂર્ણ કરવામાં આવશે- સંપાદક)**

## (૧૭૭)

ત્રણ પ્રકારના મિત્રો વિષે **કુમારે** મિત્રોને જે સમજ આપી તેનાથી પ્રગટ થયેલા સંવેગવાળા **અશોકે** કહ્યું કે, **'હે કુમાર!** આપે કહ્યું તે એમજ છે, એમાં સંદેહ નથી. આપે અમને બહુ સુંદર સમજાવ્યું! **કામાંકુરે** કહ્યું કે 'આ તો અત્યંત શોભન છે. આનાથી વિશેષ શોભન બીજું કાંઈ જ નથી.'- **લલિતાંગ** કહે- 'વધારે શું કહેવું? આપણે અજ્ઞાન નિદ્રામાં ઊંઘી રહ્યા હતા, **કુમારે** આપણને જાગૃત કર્યા. ત્યાગ કરવા લાયક અને આદર કરવા લાયક પદાર્થો આપણને બતાવ્યા, માટે આપણે હવે હિતમાં પ્રવૃત્તિ કરીએ અને તે માટે **કુમારની** આજ્ઞા સંપાદન કરીએ! **'અશોકે** કહ્યું કે-**હે કુમાર! લલિતાંગે** સારી વાત કહી. માટે **'કુમાર!** આપ આજ્ઞા કરો કે, અમારે હવે શું કરવું?'

**કુમાર** કહે-'હું તમને ટૂંકમાં જણાવું છું કે-તમારે વિષયરાગનો ત્યાગ કરવો, ભવસ્વરૂપ ચિંતવવું, ખરાબ સોબત છોડવી, સાધુઓની સેવા કરવી, યશાશક્તિ દાન-શીલ-તપ અને ભાવથી પ્રધાન જીવન બનાવવું.' મિત્રોએ કહ્યું, 'સારૂં સારૂં **કુમાર!** આ વાતનો અમે સ્વીકાર કરીએ છીએ! આ સાંભળી **કુમારે** કહ્યું, 'અહો! ખરેખર તમે ભાગ્યશાળી છો, મનુષ્યજન્મનું ફળ તમે પામ્યા.' મિત્રોએ કહ્યું, 'આપની વાત બરાબર એમ જ છે, અમે ભાગ્યશાળી છીએ જ, કારણ કે નિર્ભાગીને આપ જેવા **કુમારના** દર્શન ન જ થાય.' આ પ્રમાણે **કુમારને** અભિનંદન આપીને **કુમારથી** વિશેષ પ્રકારે સદ્ભાવને પામેલા **અશોક** વગેરે મિત્રો ઉચિત સમયે પોતાના સ્થાને પહોંચ્યા અને તેઓએ યથોચિત ધર્માનુષ્ઠાન શરૂ કર્યું. એ રીતે કેટલોક કાળ પસાર કર્યો.

**વસંત વર્ણનઃ**

એવામાં વસંતઋતુ આવી પહોંચી. વનલક્ષ્મી ખીલી ઊઠી-આમ્ર વૃક્ષો પર મંજરી ફૂટી નીકળી-તિલક વગેરે વૃક્ષો પર પુષ્પો ઊગી નીકળ્યા-અતિમુક્તલતા નવીન પત્રોથી ઉલ્લાસ પામી હતી. મલયવનનો પવન સુગંધ બહેકાવી રહ્યો હતો- ભમરાઓ હર્ષ કરતા હતા. કોયલો ટહુકાર કરી રહી હતી. આ મારા મિત્રનું રાજ્ય છે, એમ માની અહંકારી કામદેવ કામીજનો અને/કામિનીઓને કદર્થના કરતો હતો. શિશિરઋતુરૂપ શત્રુના જવાથી વિકસિત કમળવદનસમી કમલિની બની. વસંતસમાગમના સુખથી જ હોય તેમ દુઃખ-અંધકાર વગરની રાત્રીઓ દોડી રહી છે. ઋતુલક્ષ્મી જોવામાં આસક્ત બન્યા હોય તેમ દિવસો ધીમીગતિવાળા બન્યા હતા; અર્થાત્ દિવસો લાંબા થવા લાગ્યા. જે સમયમાં કસુંબાનું વસ્ત્ર શોભે તેવા એ સમયમાં પ્રસન્ન પુરુષો આ ઋતુનું બહુમાન કરે છે. વૃક્ષ પર દોરડાં બાંધી ઝુલાઓ ઝુલાવે છે, અર્થાત્ લોકો હીંચકા ખાય છે. બગીચાઓમાં લોકો ફરવા જાય છે. ચંદ્ર મનોહર લાગે છે. ગીત સંગીત તરફ અનુરાગ થાય છે. નાટકાદિ જોવામાં લોક પ્રવર્તે છે. કામિનીઓ પ્રિય લાગે છે. યુવામંડળીઓ ઉજ્જવળ વસ્ત્રો પહેરી ક્રીડા કરે છે. મહાવિભૂતિવાળા દેવોના રથો પરિભ્રમણ કરે છે. કામદેવરૂપી પારધીના ભયથી જ હોય, તેમ પ્રિયાઓ તેમના પ્રિયતમોના શરણે જાય છે.

**વસંતોત્સવમાં કુમારને નિમંત્રણઃ**

આવા પ્રકારના વસંતોત્સવ સમયે નગરજનોવતી નગરનું મહાજન ઉત્સવ જોવા માટે **પુરુષસિંહરાજાને** નિમંત્રણ આપવા માટે આવ્યું. તેઓએ રાજાને વિનંતિ કરતાં કહ્યું કે **હે દેવ!** આપ છો એટલે આ નગરીમાં સદાય મહોત્સવ પ્રવર્તે છે, છતાં પણ, અત્યારે આ વસંત સમય આવેલો હોવાથી વિવિધ મંડળીઓના ઉત્સવ દેખવાવડે દેવની કૃપાના વિષયભૂત, પ્રજાના આનંદોત્સવથી પણ અધિક બીજો મહોત્સવ નગરલોકને કરાવો! **રાજાએ** વિચાર્યું, 'અહો આ તો બહુ સુંદર પ્રસંગ પ્રાપ્ત થયો. વસંત સમય એ કામદેવનો મિત્ર છે. માટે **કુમારને** આ માટે મોકલીએ, જેથી સંસારના વિલાસો

દેખવાવડે વૈરાગ્યરસ પલટાઈને શૃંગારરસની પ્રાપ્તિ કરશે, તો મારા પરિવારને ધાર્યા કરતાં અધિક આનંદ થશે,' એમ વિચારી નગરના નેતાઓને **રાજાએ** કહ્યું કે, **'હે નગરજનો!** તમે તો તમારી વિભૂતિ વારંવાર દેખાડીને મને અનેક વખત આનંદ કરાવ્યો છે; હું તમને **કુમારનાં** દર્શન કરાવીને અધિક આનંદ પ્રાપ્ત કરાવું! વળી અત્યારે અહીં **કુમાર** એ **યુવરાજ** હોઈ મુખ્ય પુરુષ છે, તો તેનું તમારે બહુમાન કરવું. નગર નેતાઓએ કહ્યું, 'જેવી **દેવની** આજ્ઞા. આપે તો આ વધુ મોટી કૃપા કરી કે જેથી **કુમારના** દર્શન અમને થશે.'

**નગરનેતાઓ** ગયા, એટલે રાજાએ **કુમારને** બોલાવ્યા અને પ્રેમપૂર્વક કહ્યું કે, **'હે વત્સ!** આ નગરીની આવા પ્રકારની મર્યાદા છે કે વસંત સમયના કામદેવ મહોત્સવમાં રાજાએ નગરની મંડળીઓના આનંદમહોત્સવો નિહાળવા. મેં તો તે પ્રસંગો અનેક વખત જોયાં છે. અત્યારે ફરી 'મહાજનો યેન ગતઃ સ પંથાઃ' - એ ન્યાયે આપણા વડીલોએ જે માર્ગ ગ્રહણ કર્યો હોય, તેને અનુસરવું જોઈએ. આ વિધિથી તું પણ જો. એમ કરવાથી મારા પરિવારને અને નગરલોકોને મહાપ્રમોદ થશે.' **કુમારે** કહ્યું 'જેવી પિતાજીની આજ્ઞા.' આ સાંભળી રાજા હર્ષ પામ્યા અને પ્રાતિહારીઓને આજ્ઞા આપી કે- 'મારા હુકમથી તમે **જ્ઞાનગર્ભ** વગેરે મુખ્ય મંત્રીઓને કહો કે, નગરીનો વસંતોત્સવ રાસમંડળીઓ, નૃત્ય સમારંભો વગેરે આનંદપૂર્વક જોઈ શકાય. તે માટે શ્રેષ્ઠ રથ વગેરે તૈયાર કરો. મારા વચનથી આજે **યુવરાજ પદે** વર્તતા **કુમારે** ઉત્સવમાં સંગીત મંડળીઓ, નૃત્યમંડળીઓ આદિ જોવા માટે જવાનું છે. '**કુમાર** આજે ઉત્સવમાં સંગીતમંડળી આદિનું નિરીક્ષણ કરશે, તેથી અમને પણ આનંદ-મંગળ થશે.' એ કારણે પ્રધાનો પણ આનંદ પામ્યા. તેઓએ કહ્યું કે 'જેવી દેવની આજ્ઞા.' પછી રથ વગેરે તૈયાર કરાવ્યા. તેના યંત્ર વગેરે સજ્જ કર્યા. ઉપર છત્ર સ્થાપન કર્યું. રંગબેરંગી ધજાઓ ગોઠવી. ઘુઘરીઓના ઝૂમખા લગાડ્યા. રત્નમાળાઓ તથા મોતીની સેરો લટકાવી. મણિ તારકોની રચના કરી. બેસવા માટે આસન ગોઠવ્યું. ચામરો લટકાવ્યા.

### મહોત્સવમાં કુમારની વિચારણાઃ

આ રીતે મોટા પરિવાર સાથે અત્યંત સુશોભિત ભવ્ય રથમાં આરોહણ કરીને **કુમાર** મહોત્સવનું દર્શન કરવા પ્રયાણની તૈયારી કરી રહ્યા છે, તેજ વખતે અતિ ઉજ્જવળ વેષ ધારણ કરનારી નૃત્ય મંડળી હર્ષપૂર્વક ત્યાં આવી પહોંચી. કેસર કુંકુમ ચૂર્ણથી પૂર્ણ કચોળા લઈ વસંતમહોત્સવ યોગ્ય વેષ ધારણ કરનારા ઉત્સવને શોભાવવા આવ્યા હોય તેમ વિટ લોકો પણ આવી લાગ્યા-વિચિત્ર વાહનોમાં બેસીને પરિવાર સાથે **કુમારના** દર્શન માટે ઉત્સુક બનેલા રાજપુત્રો પણ ત્યાં આવી પહોંચ્યા. ઉજ્વલ મહાલયોના સુંદર ગવાક્ષોમાં, નલિની કમળથી અધિક શોભાવાળી અને વિકસિત વદનકમળવાળી અંતઃપુરની સ્ત્રીઓ ઉત્સવ જોવા માટે ઉત્સુકતાપૂર્વક ઊભી રહેલી છે. આ સમયે નગરીમાં વસંત મહોત્સવ પ્રવર્તી રહેલો છે. પ્રધાનોએ રાજાને **કુમાર** સંબંધી દેવની આજ્ઞાનો અમલ કર્યાના સમાચાર આપ્યા, અને કહ્યું કે, હવે આપ ફરમાવો તેમ કરીએ. રાજા હર્ષ પામ્યો અને **કુમારને** કહેવરાવ્યું કે- **'હે વત્સ!** મહાપુરુષોએ કરવા યોગ્ય કરીને નગરલોકોના ઉત્સવમાં વૃદ્ધિ કર! **કુમારે** પણ જણાવ્યું કે- 'જેવી પિતાજીની આજ્ઞા' એમ કહી પિતાજીને પ્રણામ પાઠવી **અશોક** વગેરે મિત્રો સાથે અંતઃપુરથી અભિનંદન પામતો, રાજપુત્રોની સલામી લેતો, વિટો અને પ્રાકૃતજનોથી સ્તુતિ કરાતો, નૃત્યમંડળીઓ વગેરેથી અવલોકન કરાતો કુમાર રથ તરફ પ્રયાણ કરી રથમાં આરૂઢ થઈ મુખ્ય આસન ઉપર બેઠો. **અશોક** વગેરેને યથાયોગ્ય સ્થાને બેસાડ્યા, પછી સારથીને કહ્યું કે- **'અરે સારથિ!** અમુક ઈષ્ટ સ્થાને જવા માટે ઘોડાઓને પ્રેરણા આપો.' 'જેવી **કુમારની** આજ્ઞા' એમ કહી સારથીએ લગામ પકડી ઘોડાઓને પ્રેરણા કરી. ઘોડા ચાલવા લાગ્યા. રાજપુત્રો પણ ચાલવા લાગ્યા. નૃત્યમંડળીએ નૃત્ય શરૂ કર્યા. રાસમંડળીએ રાસ ચાલુ કર્યા. વિટ લોકોએ ઉલ્લાસ પૂર્વક પોતાની પ્રવૃત્તિ શરૂ કરી. ક્રીડા કરનારાઓ ક્રીડા કરવા લાગ્યા. કુંકુમ રજ ઊડવા લાગી. પ્રેક્ષક વર્ગ ક્ષોભ પામવા લાગ્યો. આ પ્રમાણે સર્વ મોટા-આડંબરથી જોવાતો, સંવેગ-ભાવિત મતિવાળો **કુમાર** રાજમાર્ગ ઉપર આવ્યો. વિશેષ પ્રકારની ઋદ્ધિથી શોભતી, ચતુરાઈ પૂર્ણ હાવભાવના વિલાસો વડે શોભતી, ભોગીલોકને આનંદદાયક અને સમજુ લોકોને સંવેગ ઉત્પન્ન કરનારી અનેક પ્રકારની નૃત્યમંડળી, ગાયકમંડળી, રાસમંડળી, સંગીત મંડળી વગેરેને પોતાની કળાને દર્શાવતી જોઈ, તેને જોતાં જોતાં **કુમાર** વિચારવા લાગ્યો 'અહો! શું મોહરાજાનું સામર્થ્ય! શું લોકોની અકાર્ય આચરણમાં ધીરતા! શું અહિતકારી મિત્રોનો યોગ! શું સંસારની વિલાસિતા!' એ પ્રમાણે સંવેગથી કર્મોને વિચારતો, વિશુદ્ધ થતા જ્ઞાનથી કુશળ યોગોને ભાવતો, દરેક

મંડળીઓથી જોવાતો અને તેમને આનંદ પમાડતો, નૃત્ય-નાટક વગેરે દશ્યોને દેખતો 'હે દેવ! આ દેખો, આ દેખો-એ પ્રમાણે સારથીથી કહેવાતો **કુમાર** કેટલીક ભૂમિ સુધી આગળ વધ્યો.'

### વ્યાધિનો પ્રભાવઃ

ત્યાં આગળ માર્ગમાં એક દેવકુળના ઓટલા ઉપર ખરાબ દેખાતા, મલિન અપવિત્ર દેહવાળા, જેના મુખમાંથી લાળ ટપકતી હતી, હાથ સંકોચેલા હતા, પગમાં સોજા આવેલા હતા, નાસિકા સડી ગયેલી હતી, આંખો લાલચોળ અને પાણી ટપકતી હતી, તેની ચારે બાજુ માખીઓ બણબણતી હતી, તેવા મહાકોઢની વ્યાધિવાળા કોઈ પુરુષને **કુમારે** જોયો. **કુમારે** વિચાર્યું કે-'અહો કર્મપરિણતિ!' કરુણા દિલવાળા **કુમારે** જનસમૂહને પ્રતિબોધ કરવાના ઈરાદાથી સારથીને કહ્યું કે- 'અરે! આર્ય **સારથી!** આ કયું દશ્ય છે?' તેણે કહ્યું, **'હે દેવ!** આ કોઈ દશ્ય નથી. આ તો બિચારો વ્યાધિથી પરેશાન બનેલો પુરુષ છે.' **કુમાર** કહે -'અરે! આ વ્યાધિ વળી કોણ છે?' સારથી કહે **'હે દેવ!** સુંદર એવું પણ શરીર કાળ પાકે એટલે નાશ પામે છે.' કુમારે કહ્યું 'હે આર્ય! આ તો દુષ્ટ અને લોકોને અહિત કરનાર છે, તો પિતાજી એને કેમ નિભાવે છે?' **સારથી** કહે-'એ પિતાજીથી વધ કરવા યોગ્ય નથી.' **કુમાર** કહે- 'અરે! એ અવધ્ય શાથી?' એમ કહી લોકને પ્રતિબોધ કરવા તલવાર માગી, અને વ્યાધિને કહ્યું- 'અરે ઓ દુષ્ટ વ્યાધિ! આ બિચારાને છોડ-છોડ, અથવા યુદ્ધ કરવા તૈયાર થા!' એમ બોલતા **કુમાર** રથમાં ઊભા થઈ તેની સન્મુખ જવા તૈયારી કરે છે. 'અરે! આ શું?' એમ બોલતી મંડળીઓ શાંત થઈ ગઈ, નગરલોકો એકઠા થઈ ગયા. ત્યારે સારથીએ કહ્યું-**'હે દેવ!** આ રાજાઓને પણ વશ કરવા યોગ્ય વ્યાધિ નામનો કોઈ દુષ્ટ પુરુષ નથી. આ તો જીવોનાં પોતાનાં કર્મપરિણામથી ઉત્પન્ન થયેલ સંક્લેશરૂપ વ્યાધિ હોય છે. એ વ્યાધિ કે કર્મપરિણામ સર્વ જીવોને સામાન્ય હોય છે.' **કુમારે** નગરજનોને પૂછ્યું કે, 'શું આ વાત બરાબર છે?' નગરજનોએ કહ્યું, **'હા દેવ!** એ પ્રમાણે જ છે.' **કુમારે** કહ્યું-**'હે આર્ય સારથી!** આ વ્યાધિથી ઘેરાએલો આત્મા પોતાના બળથી તેનો ત્યાગ કરીને આવા પ્રકારની ખરાબ અવસ્થાથી મુક્ત કેમ નથી થતો?' સારથી કહે **'હે દેવ!** આ વ્યાધિ જ એવા પ્રકારનો છે, જે તેનાથી ઘેરાય તેનું બળ ચાલ્યું જાય. તેને અસુંદર અવસ્થા અને દુઃખફળવાળી ચેષ્ટાઓ થાય છે.' કુમારે કહ્યું- **'આર્ય સારથી!** આ વ્યાધિનો પ્રભાવ કોના ઉપર ચાલી શકતો નથી?' સારથી કહે **'હે દેવ!** પરમાર્થથી ધર્મ-પથ્ય સેવન કરનારા અને અધર્મ-અપથ્યથી વિરામ પામેલા એવા કોઈ મહાભાગ્યશાળી ઉપર તે વ્યાધિનો પ્રભાવ ચાલી શકતો નથી.' **કુમારે** વિચાર્યું કે 'આ સંસાર એ વ્યાધિનું ક્ષેત્ર છે, પરમાર્થથી વિચારીએ તો ધર્મ-ચિકિત્સા, વિના તેનો બીજો કોઈ ઉપાય નથી' **કુમારે** નગરલોકોને પૂછ્યું કે, 'આ વાત બરાબર છે?' નગરલોકોએ જવાબ આપ્યો કે, **'હે દેવ!** એમ જ છે.' **કુમારે** કહ્યું, 'જો એમ જ છે તો પછી સર્વ જીવોને સાધારણ સુંદર સમભાવથી ઉપકાર કરવાવાળો એકાંત ઉપાય વિદ્યમાન હોવા છતાં તેનો વિચાર કેમ કરવામાં આવતો નથી? આવા પ્રેક્ષકથી સર્યું, ઉપાયનો જ વિચાર કરવો યોગ્ય છે.' નગરલોકોએ કહ્યું, **'હે દેવ!** એમ જ છે. છતાં પણ જગતની આ મર્યાદા છે. માટે નગરલોકોના ચાલુ મહોત્સવમાં રસભંગ કરવો, તે દેવ માટે યોગ્ય ન ગણાય.' સારથીએ કહ્યું, **'હે દેવ!** તેઓ બરાબર કહે છે, માટે આપ વિવિધ નાટક જુઓ' કુમારે કહ્યું, **'હે આર્ય!** ઠીક છે.' ત્યાર પછી મંડળીઓ આગળ વધી. **કુમાર** જોતાં જોતાં થોડી ભૂમિ આગળ ગયા.

### વૃદ્ધ શેઠ-શેઠાણી ઉપર જરાનો પ્રભાવઃ

આગળ જતાં એક ઘરમાં જેના સર્વાંગો સૂકાઈ ગયાં હતાં એવા અત્યંત ઢીલા પડી ગયેલા ગાત્રવાળા, ખરી પડેલા વાળથી ટાલવાળા, નિસ્તેજ આંખોવાળા, દાંતની બત્રીશી વગરના મુખવાળા, જેનો શ્વાસ-દમ ચાલુ હતો, જેમનું શરીર કંપતું હતું, જેનો પરિવાર તેમને હડધૂત કરતો હતો, એવા ઘરડા શેઠનું દંપતી-યુગલ **કુમારને** દેખાયું. તે દેખીને, 'અહો! સંસારની અસારતા!' એમ વૃદ્ધિ પામતા વૈરાગ્યથી પ્રતિબોધ કરવા માટે જ **કુમારે** સારથીને કહ્યું કે, **'હે આર્ય સારથી!** આ કઈ જાતનું દશ્ય છે?' તેણે કહ્યું, 'હે દેવ! આ કોઈ જોવા યોગ્ય દશ્ય નથી, આ તો વૃદ્ધાવસ્થાથી હેરાનગતિ ભોગવતાં શેઠ-શેઠાણી છે.'

**કુમારે** પૂછ્યું, 'આ વળી જરા (વૃદ્ધાવસ્થા) કોને કહેવાય?' સારથીએ કહ્યું, **'હે દેવ!** નવિન શરીર હોવા છતાં, કાળબળે આ શરીરની આવી દશા થાય છે.' **કુમારે કહ્યું,** 'હે આર્ય! આ જરા તો દુષ્ટ અને લોકોનું અહિત કરનારી છે, તો પિતાજી રાજા હોવા છતાં એની ઉપેક્ષા કેમ કરે છે?' સારથીએ કહ્યું, 'હે કુમાર! પિતાજી પણ તેનો ઉપાય કરી શકતા નથી.' કુમારે કહ્યું, 'કેમ ન કરી શકે?' લોકોને પ્રતિબોધ કરવા કુમારે તલવાર હાથમાં લઈ ઊભા થઈ કહ્યું કે, 'અરે દુષ્ટ

જરા! આ બિચારા બંને વૃદ્ધોને તું છોડી દે. તું સ્ત્રી છે એટલે તને શું કહેવું?' એમ બોલતાં કુમાર વૃદ્ધો તરફ જાય છે. નગરજનો વિચારે છે કે 'અરે! આ બીજી વખત શું થયું?' નૃત્ય મંડળીઓ થંભી ગઈ, નગરલોકો એકઠા થયા. સારથીએ કહ્યું, **'હે દેવ!** આ જરા કાંઈ દેહધારી સ્ત્રી નથી, જેથી દેવના ઠપકાને પાત્ર બને; પરન્તુ ઔદારિક શરીરધારીઓને કાળ જતાં આવા પ્રકારની વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થાય છે, માટે એને ઠપકો આપવો યોગ્ય નથી. ઉંમર મોટી થાય તેમ આ જરા સર્વ પ્રાણીઓને સામાન્યપણે હોય જ છે.' **કુમારે** નગરલોકને પૂછ્યું કે- 'શું આ વાત સાચી છે?' તેઓએ કહ્યું કે - **'હે દેવ!** તેમાં કાંઈ શંકા નથી.'

આ સાંભળી **કુમારે** સારથીને કહ્યું કે, 'હે આર્ય! હવે મેં એનો ભાવાર્થ અને તે ન થાય તે વિધિ જાણ્યો. તેથી કરી આર્યને અને નગરલોકોને હું કહું છું કે તમારે દુઃખ ન લગાડવું. બળનો નાશ કરનાર, ધર્મ-અર્થ અને કામ પુરુષાર્થ ને નુકસાન પહોંચાડનાર, અપમાન વગેરે ઉત્પત્તિનું કારણ, હાસ્યપાત્ર ભાવોની વૃદ્ધિ કરનાર, એવો આ જરાનો પ્રભાવ પ્રવર્તતો હોય ત્યારે ધર્મ રસાયણને છોડીને આવા પ્રકારનું અયોગ્ય વર્તન કરવું યોગ્ય લાગે છે?' આ સાંભળી, 'અહો **કુમારનો** વિવેક! અહો પરમાર્થનું દેખવાપણું!- આ વાતમાં જરા પણ ફેરફાર નથી. કેવળ મહામોહનો પ્રભાવ પ્રવર્તી રહ્યો છે,' એમ વિચારી નગરલોક - સમુદાય સાથે સારથી સંવેગ પામ્યો. તેણે કહ્યું, **'હે દેવ!** આપે સુંદર વાત કરી, છતાં પણ અનાદિ ભવના અભ્યાસવાળી મોહવાસના છૂટવી સહેલી નથી.' **કુમારે** કહ્યું, 'આ સ્થિતિ હોવાથી મોહ-વાસનાથી સર્યું! ભયંકર વિપાકવાળો વ્યાધિ છે અને જીવોને ભયંકર એવી જરા પણ નક્કી અનેક ક્લેશો કરાવનારી છે- આર્ય! આ જરાનો પ્રતિપક્ષ ધર્માચરણ છે. તેથી જેનાં ફળો આપણે સાક્ષાત્ દેખ્યા તે ધર્માચરણમાં આળસ (અપ્રયત્ન)એ ખરેખર મોહવાસના છે.'

### મૃત્યુ વળી કોણ?

આ સમયે નજીકમાં થઈ લઈ જવાતો, જૂના ખાટલામાં સુવડાવેલો, જીર્ણ વસ્ત્રથી વીંટાયેલો, દીન-શોકગ્રસ્ત પુરુષોએ ઊંચકેલો, કેટલાક દુઃખી સ્વજનો સાથે, જેની પાછળ રુદન કરતી સ્ત્રીઓ હતી, જેની પત્ની છાતીફાટ આક્રંદ કરી રહી હતી, જેને માર્ગમાં લોકો જોઈ રહેલાં હતા- એવા મૃત્યુ પામેલા દરિદ્ર પુરુષને **કુમારે** જોયો. તેને જોઈને **કુમારે** કહ્યું, **'હે આર્ય!** મોહ-વાસનાની ચિંતા બાજુ પર રાખો, પણ મને કહો કે - આ પ્રેક્ષણક કેવાં પ્રકારનું છે?' સારથીએ વિચાર્યું, **'અહો!** સંસારનાં નિર્વેદ કરાવનારા કારણોની પરંપરા! **અહો!** સંસારની અસારતા! તેથી અહીં **કુમારને** શું કહેવું? આ સંસારનો પ્રપંચ **કુમાર** નથી જાણતા એમ તો છે નહિ. જો સંસાર પ્રપંચ ન જાણતા હોય તો આ પ્રકારની વાણી કેમ હોય? અમારા સરખા લોકોને પ્રતિબોધવા આમ કરતા હશે!- તેમ હું અનુમાન કરું છું!'

અત્યારે સમય પ્રાપ્ત થયો છે, તો યથાસ્થિત વસ્તુ તેમને કહું, એમ વિચારી સારથીએ કહ્યું, **'હે દેવ!** આં કાંઈ જોવા યોગ્ય આનંદદાયક વસ્તુ નથી. આ તો મૃત્યુ પામેલો માણસ છે.' **કુમારે** કહ્યું, **'હે આર્ય!** આ મૃત્યુ વળી કોણ?', સારથી કહે, **'હે દેવ!** જે મૃત્યુથી ઝડપાયો હોય તેનો તેના સગાવહાલા પણ ત્યાગ કરે છે.' **કુમાર** કહે, **'હે આર્ય!** આ દુષ્ટ મૃત્યુ તો ખરેખર લોકોને અહિતકારી છે, તો પછી પિતાજી એનો ઘાત કેમ કરતા નથી?' સારથી કહે, **'હે કુમાર!** પિતાજી એ મૃત્યુનો વધ કરવા શક્તિ ધરાવતા નથી.' **કુમારે** કહ્યું, 'અરે! પિતાજી કેમ એનો વધ ન કરી શકે?' લોકોને પ્રતિબોધ કરવા **કુમારે** ખડ્ગ માગ્યું, અને કહ્યું, 'અરેરે દુષ્ટ મૃત્યુ! આ માણસને છોડ, છોડ, નહીંતો યુદ્ધ કરવા તૈયાર થા.' એમ બોલતા **કુમાર** રથથી ઊભા થયા અને પેલી નનામિ તરફ જવા તૈયાર થયા. સારથિએ કહ્યું, **'હે દેવ!** આ મૃત્યુ એ કોઈ દુષ્ટ પુરુષ નથી અને રાજાઓ પણ તેનો નિગ્રહ અગર તેને મહાત કરી શકતા નથી. જીવો જ પોતાના કર્મપરિણામથી ઉત્પન્ન થયેલ દેહપરિત્યાગ કરવાના સ્વભાવવાળા છે તેથી તેના ઉપર રાજાનો પ્રભાવ ચાલી શકતો નથી. આ મૃત્યુ તો દરેક જીવો માટે સામાન્ય છે' **કુમારે** કહ્યું, **'અરે! નગરજનો!** શું આ વાત આ પ્રમાણે જ છે?' તેઓએ કહ્યું, **'હા દેવ!** એ એમ જ છે.' **કુમારે** કહ્યું, **'આર્ય સારથી!** આ મૃત્યુથી ગ્રહણ કરાયેલાને તેના બંધુઓ કેમ છોડી દે છે?' સારથીએ કહ્યું, **'હે દેવ!** હવે તેને રાખીને શું કરે? શરીરથી કામ આપનારો તેના કારણભૂત આત્મા તેમાંથી ચાલ્યો ગયો, હવે અપકાર માટે માત્ર તેનું કલેવર બાકી રહેલું છે. **કુમારે** કહ્યું, **'આર્ય સારથી!** અરે જો એમ છે, તો આ તેના બંધુઓ વિલાપ શા માટે કરે છે?' સારથીએ કહ્યું, **'હે કુમાર!** તેમનો આ પ્રિય પુરુષ લાંબી યાત્રા માટે ચાલ્યો ગયો અને હવે તે અદૃશ્ય થયો. આ કારણથી તેના સુકૃતનું સ્મરણ કરીને શોક સાગરમાં ડૂબી

ગયેલા તેઓ રુદન રોકી શકતા નથી અને તેમાં કોઈ બીજો ઉપાય નહિ હોવાથી આમ રુદન કરે છે!

**કુમારે** કહ્યું, **'આર્ય સારથી!** જો તે તેમને પ્રિય છે, તો તેઓ તેની પાછળ કેમ નથી જતા?' સારથીએ કહ્યું, 'એ અશક્ય વસ્તુ છે. એ જનારો જતાં જતાં બોલતો નથી, સ્નેહની અપેક્ષા રાખતો નથી, આપણે એને દેખી શકતા નથી, એ ક્યાં ગયો તે સ્થાન જાણી શકાતું નથી. કર્મના પરિણામ વિચિત્ર હોય છે. સંયોગો એક સરખા ટકતા નથી, તેમ, તેટલો સ્નેહ હોતો નથી, જેથી કરીને તેઓ તેની પાછળ જતા નથી.' **'હે આર્ય સારથી!** જો એમ જ છે, તો તેને વિષે પ્રીતિ રાખવી નિરર્થક છે.' સારથીએ કહ્યું, **'દેવ!** પરમાર્થથી તો એમ જ છે.' કુમારે કહ્યું, **હે આર્ય સારથી!** જો એમ જ છે તો અહીં પછી હવે કયો ઉપાય? સારથીએ કહ્યું, **'હે દેવ!** ઉપાય તો તેવા યોગીઓ જ જાણી શકે- અમારા જેવા તેનો ઉપાય ન જાણી શકે.' **કુમારે** નગરજનોને પૂછ્યું, **'અરે નગરજનો!** શું આ વાત બરાબર છે?' તેઓએ કહ્યું, **'હે દેવ!** એમ જ છે' **કુમારે** કહ્યું, 'અરે! જો એમ જ છે, તો પછી સર્વને સાધારણ, સ્વભાવથી અશોભન, એકાંતે અપકાર કરનાર, વિદ્યમાન ઉપાયનો વિચાર કર્યા વગર આ પ્રેક્ષણક જોવાથી સર્યું. આના ઉપાયમાં પ્રયત્ન કરવો એ જ યોગ્ય છે.' આ સાંભળી કેટલાક નગરલોકો સંવેગ પામ્યા, કેટલાકો માર્ગ પામ્યા, કેટલાકો બોધિબીજ પામ્યા, **કુમારની** મહાનુભાવતા દેખીને ચિત્તથી વિસ્મય પામ્યા અને **કુમાર** તરફ મમતાવાળા બન્યા.. નૃત્યકારો નૃત્ય કરતાં અટકી ગયા. પ્રેક્ષકો પ્રેક્ષણક જોતાં થંભી ગયા અને સૌ **કુમારની** પ્રશંસા કરવા લાગ્યા અને યથાયોગ્ય કાર્યો કરવામાં પ્રવર્ત્યા.

### રાજાની ચિંતાઃ

આ સમયે **દેવસેન** બ્રાહ્મણ પાસેથી આ બધી બનેલી હકીકત સાંભળીને વધારે ભય પામેલા રાજાએ **કુમારને** બોલાવવા માટે પ્રતિહારી મોકલ્યો. તેણે આવીને કહ્યું, **'હે કુમાર!** મહારાજે આપને જલદી આવવા માટે આજ્ઞા કરી છે,' **કુમારે** કહ્યું, 'જેવી પિતાજીની આજ્ઞા.' સારથીને કહ્યું, **'હે આર્ય સારથી!** રથ પાછો ફેરવ.' 'જેવી કુમારની આજ્ઞા', એમ કહી સારથીએ રથ પાછો વાળ્યો. કુમારે રાજા પાસે જઈ તેમને નમસ્કાર કર્યો અને તેમની નજીક બેઠો. **રાજાએ કુમારને** કહ્યું, **'હે કુમાર!** હું તને જે કાંઈ કહું, તે વખતે તે કાર્ય તારે અવશ્ય કરવાનું જ' **કુમારે** કહ્યું, **'હે પિતાજી!** વડીલો અને ગુરુઓનાં વચનો અલંઘનીય હોય છે. તેથી આમ સતત તે વાત ઉપર ભાર લાદવાનું કારણ હું સમજી શકતો નથી, અથવા તો મારે તે વાત સાથે શું પ્રયોજન છે? ગુરુઓના વચન ઉપર વિચાર કરવાનો હોય જ નહિ. જે આપ આજ્ઞા કરશો, સર્વથા તે પ્રમાણે હું વર્તીશ?' રાજાએ કહ્યું **'હે વત્સ!** તું આવો વિનયી જ છે, માત્ર મારો સ્નેહ વચમાં નડતર કરે છે. હું યથા સમયે જે વાત કહેવાની હશે તે કહીશ. અત્યારે તો તારે જે કાર્ય કરવાનું હોય તે કર.' **કુમારે** કહ્યું, 'જેવી-પિતાજીની આજ્ઞા.' એમ કહી વિનયથી પ્રણામ કરી **કુમાર** નીકળ્યો, અને કેટલોક કાળ પસાર થયો.

### કન્યા સ્વીકારવાનો પિતાનો આગ્રહઃ

કોઈક દિવસે **અશોક** વગેરેની સાથે ધર્મકથાની ચર્ચા કરી રહેલ પોતાના ભવનમાં રહેલ નિર્મળ ભાવવાળા **કુમાર** પાસે પ્રતિહાર આવ્યો અને તેણે કહ્યું, **'હે કુમાર!** મહારાજા આપને કહેવરાવે છે કે, 'કોઈ પ્રયોજન માટે તમારા મોસાળથી અભય વગેરે મહાનગર નેતાઓ આવેલ છે, તેથી **કુમારે** જલદી આવવું.' જેવી પિતાજીની આજ્ઞા' એમ કહી **કુમાર** ઊભો થયો અને **અશોક** વગેરેની સાથે **રાજા** પાસે ગયો. **રાજાને** પ્રણામ કરી તેમની નજીકમાં બેઠો. **રાજાએ કુમારને** કહ્યું 'હે વત્સ! તારા મામા ખડ્ગસેન મહારાજાએ બહુમાન પૂર્વક લગ્ન કરવા યોગ્ય બંને કુળના અપવાદથી રહિત વિશુદ્ધ એવી **વિભ્રમવતી** અને **કામલતા** નામની પોતાની બે પુત્રીઓ, જે પોતાને જીવનથી પણ વલ્લભ છે, તે બે કન્યાને સ્વયંવર માટે મોકલી છે. તે રાજાના બહુમાનથી વિશિષ્ટ લોકમાર્ગને અનુસરવા વડે, કન્યાઓના અનુરાગથી, ગુરુવર્ગની આજ્ઞાથી, ઈષ્ટ કન્યાઓનો સ્વીકાર કરી **કુમારે** તેમને આનંદ કરાવવો. એમ કરીશ, એટલે તે રાજાને, વિશિષ્ટ લોકને, કન્યાઓને તથા ગુરુજન વગેરેને નક્કી આનંદ થશે.

આ સાંભળી **કુમારે** વિચાર્યું, 'અહો! આ સુંદર વાત નથી. સંયોગો દુઃખનાં હેતુઓ છે. ન છૂટકે કરવું પડે તેવું આ ગુરુવચન છે. પહેલાં પણ મને અભ્યર્થના કરી હતી. તેથી આ વચન માન્ય કરી લઉં. ગુરુઓનાં વચનો ઉલ્લંઘી શકાય નહિ. વળી ઈષ્ટ પદાર્થની પ્રાપ્તિથી નક્કી નિવૃત્તિ અને શાંતિ થશે. એ સુંદર વાણી શુકનવંતી નીકળી છે. ગુરુઆજ્ઞામાં તત્પર બનેલાનું ભાવથી અશુભ થતું નથી, એમ ચિંતન કરતાં **કુમારને** શંકાવાળો હોય તેમ રાજાએ કહ્યું, 'હે વત્સ! ચિંતા છોડી દે, મારી પ્રાર્થનાનું સ્મરણ કર, તે જ આ વાત છે.

તારી કલ્યાણ પરંપરાને છોડીને અહીં બીજો કોઈ પરિણામભાવ નથી, માટે **કુમારે** અવશ્ય કરવું જ જોઈએ.' ત્યાર પછી એ સાંભળી 'અહો! બહુ જ સુંદરવાણી' એમ હર્ષિત મનવાળા **કુમારે** કહ્યું, 'હે પિતાજી! જેમ તમે આજ્ઞા કરશો તેમ કરીશ.' એ સાંભળી રાજા હર્ષ પામ્યો અને તેમણે કહ્યું, 'બહુ સારું, તારો વિવેક યોગ્ય છે, ગુરુભક્તિ સુંદર છે, તું કલ્યાણોનું પાત્ર છે, બીજું, તને વિશુદ્ધ ધર્મનો પક્ષપાત છે અને સજ્જન પુરુષોને તે હોવો જ જોઈએ.!'

'આ સંસાર અસાર જ છે, વૈરાગ્યનું કારણ છે, તો કુશળ કુળપરંપરાને ટકાવવી જોઈએ, પરોપકાર કરવા માટે પ્રયત્ન કરવો જોઈએ. એ પ્રમાણે લોકધર્મનો અભ્યાસ કર્યા પછી એકાંતે પરિપક્વ બની પુરુષાર્થ પ્રાપ્ત કરીને, વંશની સ્થાપના કરી લોકમાં સારભૂત શું તે જાણી પાકટ વય થાય, ત્યારે નિરુપદ્રવી બની આત્માને ગુણોનું પાત્ર બનાવી વિશુદ્ધ ધર્મનું સેવન કરવું યોગ્ય ગણાય. તેથી **કુમારે** સુંદર કર્યું, એવી રીતે તેને પરિણામે સુંદર જ થશે.'

**અનુકૂળ શકુનોઃ**

આ સમયે દ્વારમાં રહેલા **સિદ્ધાર્થપુરોહિતે** હર્ષવિશેષથી મોટા શબ્દ વડે કહ્યું, 'અરે! સંદેહ ન કરો, અવશ્ય તે થશે જ.' તરત જ મંગળ વાજિંત્ર શબ્દ સંભળાયો. મદોન્મત હાથીના હર્ષના ગુલગુલ કરતા ગર્જારવના શબ્દો સંભળાયા. બંદી લોકોએ જયજયકાર કર્યો. શકુન-સમુદાય અનુકૂળ થયા જાણી રાજા હર્ષ પામ્યા અને તેમણે કહ્યું કે-**'હે કુમાર!** આ નક્કી થશે જ, કારણ કે શકુનો અનુકૂળ થયાં છે. બીજું વિશુદ્ધ ધર્મ માફક તું સર્વ શ્રેષ્ઠનું કારણ બનવાનો છે.' શકુનનો પરમ અર્થ જાણી **કુમાર** હર્ષ પામ્યો અને કહ્યું કે, '**પિતાજીના** આશીર્વાદથી કંઈ પણ અસાધ્ય નથી.' આ સમયે કાળનિવેદકે મંગળ ગાથાઓ ઉચ્ચારી.

અંધકાર અને પુરુષના મોહનો નાશ કરી હવે સૂર્ય (બીજા પક્ષે સૂરિ-આચાર્ય) આકાશના મધ્યમાં રહી ચેષ્ટાથી ધર્મક્રિયામાં પ્રવર્તાવે છે. આ સમયે કેટલાક જનો સ્નાન કરે છે, કેટલાક દેવની પૂજા કરે છે, કેટલાક દાનાદિ આપે છે, કેટલાક વળી ગુરુસેવામાં તત્પર બને છે. મુનિઓ લોકોના ઉપકારને માટે પિંડ (આહાર) ગ્રહણ કરવા માટે ધ્યાનયોગને છોડીને બીજા યોગને સ્વીકારે છે! એ પ્રમાણે **'હે રાજન્!** નગરીમાં જનસમુદાય વિશુદ્ધ ક્રિયા વડે કરીને કર્મોને મનુષ્ય જન્મના સારભૂત શ્રેષ્ઠ કલ્યાણનું' સૂચન કરે છે.' એ સાંભળી 'અરે! શું મધ્યાહ્ન સમય થઈ ગયો?' એમ બોલી રાજાએ કહ્યું **કુમાર!** કરવા યોગ્ય ઉચિત આવશ્યક કાર્ય કરો.' 'જેવી પિતાજીની આજ્ઞા' એમ કહી નમસ્કાર કરી ત્યાંથી **કુમાર** નીકળ્યો.

**લગ્ન માટેની તૈયારી કરવાની આજ્ઞાઃ**

પ્રધાનોને રાજાએ કહ્યું કે, તમે હવે કુમારની ઋદ્ધિ સરખા ચારે બાજુ વધામણા કરાવો. પ્રધાનોએ કહ્યું, 'જેવી દેવની આજ્ઞા!' તે પ્રમાણે કાર્યો શરૂ કર્યા. મહાદાન દેવરાવ્યાં, નગરની શોભા કરાવી, દેવતાઓનું પૂજન કર્યું. નગરવાસીઓને નિમંત્ર્યા, નૃત્ય-રાસમંડળીઓને બોલાવી, આનંદભેરી વગડાવી, હર્ષસૂચક શંખો ફૂંક્યા, અંતઃપુરને આમંત્રણ આપ્યું. રાજાઓને બોલાવ્યા, જોવા યોગ્ય નાટકાદિની ગોઠવણ કરાવી, ત્યારપછી ટૂંક સમયમાં જ દેવલોકથી ચડિયાતું મહાવર્ધાપનક પ્રવર્ત્યુ. કેવું? તે જણાવે છે.

સરખો વેષ ધારણ કરી નૃત્ય કરતી મંડળીથી હર્ષિત બનેલા નગરજનોના કલરવ યુક્ત, સ્તુતિપાઠના ગંભીર મંગલમય શબ્દયુક્ત પવિત્ર વાજિંત્રો જ્યાં વાગી રહેલાં છે, સિંદૂર, ગુલાલ-ચૂર્ણથી શોભિત, મેંદી આદિથી રંગેલા હસ્તકમળ અને નખવાળાં અંતઃપૂરથી આકુળ વ્યાકુળ, મોટા આડંબરથી રાજલોક એકઠો થાય તેવા મહાવધામણાં થયાં. રાજાને આથી ઘણો આનંદ થયો. વિવાહ દિવસ માટે પૂછતાં જ્યોતિષીઓએ કહ્યું, **'હે દેવ!** આજે પંચમીનો દિવસ જ સુંદર છે.' રાજાએ કહ્યું, 'બહુ સારૂં'- પ્રધાનોને આજ્ઞા કરી કે- 'કુમારના વિવાહની તૈયારી કરો' તેઓએ કહ્યું કે-'ખરેખર, **કુમાર** ભાગ્યશાળીછે. તૈયારી થઈ જ ગઈ છે. હવે બીજું જે કાંઈ કરવા યોગ્ય હોય, તે જણાવો.'

પ્રધાનોએ ભંડારીઓને આજ્ઞા કરી, **'હે ભદ્ર રત્નાકર!** લગ્ન માટેની મુખ્ય સામગ્રી તપાસીને દેવીને સમર્પણ કર. વિવિધ આભૂષણો બહાર કાઢો અને આવનારાઓની વ્યવસ્થા કરો! તેણે કહ્યું, 'જેવી પ્રધાનની આજ્ઞા. આ વિષયમાં વિલંબ નહિ કરૂં'. એ જ રીતે વસ્ત્રભંડારીને કહ્યું, **'હે ભદ્ર દેવાંગનિધિ!** દેવદૂષ્યો બહાર કાઢી પરિવારને સમર્પણ કર, ચંદરવા તોરણ બંધાવ.' તેણે કહ્યું, 'જેવી પ્રધાનની આજ્ઞા.' આ સર્વ તૈયાર જ છે.' મહાહથિયારના ભંડારીને કહ્યું, **'ભદ્રમહામાતલે!** મોટાં મુખ્ય આયુધો તપાસીને નરેન્દ્રોને આપ, ઉત્તમ રથો બહાર

કાઢો અને વિવિધ શોભા કરો; અને સુભટોને તે સમર્પણ કરો.' તેણે કહ્યું, 'જેવી આપની આજ્ઞા, આ સર્વ તૈયાર છે.' મહાવતને આજ્ઞા કરી, **'ભદ્રગજચિંતામણી!** હાથીઓને બહાર કાઢી પરિવારને આપ, હાથણીઓ અને તેને લગતી સર્વ તૈયારી કરો. તેણે કહ્યું, 'જેવી આપની આજ્ઞા આ કાર્યમાં વિલંબ નહિ કરૂં!' મહાઅશ્વપતિને આજ્ઞા કરી કે **'હે અશ્વચૂડામણે!** તું અશ્વશાળામાં જા અને ઘોડાઓને તપાસી શણગાર, જે જેને યોગ્ય હોય તે તેને મોકલ અને નરેન્દ્રોને સ્થાન ઉપર ઊભા રાખ. તેણે કહ્યું, 'જેવી પ્રધાનની આજ્ઞા.' આપની આજ્ઞા પ્રમાણે થઈ જ ગયું સમજો!' તેવી રીતે જાનના ઉતારાના સ્થાનમાં પણ મોટી ઋદ્ધિ સાથે ઉચિત સર્વ સામગ્રી તૈયાર કરાવી, મોટો મંડપ તૈયાર કરાવ્યો, મણિનાં તોરણો બંધાવ્યા, સુવર્ણદંડવાળી ધજાઓ બાંધી, સુવર્ણની વેદી-બાજોઠી સ્થાપી, સુવર્ણના મંગળ કળશો તૈયાર કર્યા, મંગલ સ્નાન કરાવ્યું, ફૂલવિધિ કર્યો, બંને કન્યાઓને મંગલ સ્નાન કરાવ્યું, બંને વધૂઓને કામદેવની પૂજા કરાવી. સન્નિધાન-મંત્રવિધિ કરાવી, મનોહરપણે બંને વધૂઓને શણગારી.

### કન્યાઓ સાથે કુમારનો લગ્નવિધિઃ

આ સમયે 'પ્રશસ્ત લગ્ન સમય નજીકમાં થશે' એમ મુખ્ય જ્યોતિષીએ કહ્યું, એટલે કુળનો સમગ્ર વિધિ કર્યા પછી કુળદેવતાને પૂજી, ગુરુવર્ગને નમસ્કાર કરી, મિત્રોને સન્માની, મંગલશકુન દેખી, વિવાહગમન નિમિત્તે **અશોક** વગેરે મિત્રો સાથે **કુમાર** રથમાં આરૂઢ થયા. આનંદનો કલરવ ગાજી ઊઠ્યો, મંગળ વાજિંત્રો વાગવા લાગ્યાં. વારાંગનાઓ નૃત્ય કરવા લાગી, અંતઃપુરની સ્ત્રીઓ મંગલગીતો ગાવા લાગી. મહાનરેન્દ્રો ચાલવા લાગ્યા, કામીજનો ઉત્સાહથી એકઠા થયા, નગરી હર્ષ પામી, રાજા આનંદ પામ્યા. ત્યારપછી મોટા આડંબરથી સંવેગભાવિત મતિવાળો, ભવસ્વરૂપ વિચારતો, સ્તુતિ પાઠકોથી સ્તુતિ કરાતો, લોકો વડે પ્રશંસાતો, કુમાર વિવાહસ્થળે આવી પહોંચ્યો. શ્રેષ્ઠ રથથી નીચે ઊતર્યો અને ગોરમહારાજે લગ્નવિધિ કરાવી. પછી ઉચિત કાર્યો કર્યા.

**કુમારે** અતિસુંદર અને મનોહર રૂપવતી બંને વધૂઓને જોઈ. તેમાં **વિભ્રમવતી** તો સુવર્ણની કાંતિ સરખી અત્યંત મનોહર હતી, તો **કામલતા** શ્યામવર્ણવાળી છતાં બંનેના વર્ણ એવાં હતાં કે દેખતાં સ્નેહ ઉત્પન્ન થાય. **વિભ્રમવતી** કેસરી રંગથી વિલેપન કરેલી હાથીદાંતની પૂતળી જેવી શોભતી હતી. જ્યારે **કામલતા** હરિચંદનના રસથી વિલેપન કરેલી નિર્મલ ઈન્દ્રનીલમણિની પૂતળી સરખી શોભતી હતી. આવી સ્વરૂપવતી બંને વધૂઓને દેખી **કુમાર** વિચાર કરે છે કે- **'અહો!** તેમની કલ્યાણ આકૃતિ, અંગો પણ સુંદર, લાવણ્ય પણ નિષ્કલંક, દેખાવ મનોહર, ઉપશાન્ત સૌમ્યમૂર્તિ, લક્ષણો સુંદર, મુખાકૃતિ નિર્દોષ, ધીરતા અત્યંત, વિનયમાર્ગ ઉચિત, માટે જરૂર બંને કલ્યાણપાત્ર હોવી જોઈએ.' આ સમયે હસ્તમેળાપ થયો, અગ્નિ પ્રગટ્યો, ફેરાઓ ફર્યા, લોકોનો સત્કાર કર્યો, મહાદાન અપાવ્યું, વરવરિકા અર્થાત્ 'જેને જે જોઈએ તે માગો' એવી ઉદ્‌ઘોષણા પૂર્વક માગ્યા પ્રમાણે દાન દેવરાવ્યું. વિવાહયજ્ઞ પૂર્ણ થયો.

### વાસભવનનો વાર્તાલાપઃ

ભોજનપાણી કર્યા, દિવસ આથમવા લાગ્યો, સૂર્યબિંબ શીતલ બની ગયું, કિરણસમૂહ સંકોચાઈ ગયો, સંધ્યા પ્રગટી, કુંકુમથી રંગેલ હોય તેવું આકાશ લાલ બની ગયું. પૂર્વદિશા ચંદ્રોદયથી પ્રકાશવાળી થઈ, આકાશલક્ષ્મી ઉલ્લાસ પામી, રાત્રિનો પ્રારંભ થયો.

આ સમયે **અશોક** વગેરે મિત્રો સાથે **કુમાર** મણિદીપકોથી શોભિત, પુષ્પોપચાર યુક્ત, ભ્રમર-પંક્તિથી સેવાતા, લટકાવેલી ચંપકમાળાઓથી યુક્ત, સુગંધી ચૂર્ણથી વાસિત કરેલ, સુંદર શયન બીછાવેલ, સુગંધી ધૂપઘટાયુક્ત, પરિવાર સહિત બંને વધૂઓથી શોભાયમાન વાસભવનમાં કુમાર ગયો, એટલે આદરવાળી બંને વધૂઓ ઊભી થઈ, એટલે તે શયન પર બેઠો. **અશોક** વગેરે મિત્રો યથાયોગ્ય સ્થાને બેઠા. સસલાના ઉદર સરખા સુંવાળા ગલીચા પર **વિભ્રમવતી** અને **કામલતા** બેઠા. **કુંદલતા, માનિની** વગેરે તે બંનેનો સખીવર્ગ યથાયોગ્ય સ્થાને બેઠો. પરંતુ **વિભ્રમવતી** પાસે **કુંદલતા** અને **કામલતા** પાસે **માનિનીએ** બેઠક લીધી. ઈંગિત આકાર જાણવામાં ચતુર અને કાલયોગ્ય કર્તવ્ય કરવામાં કુશળ એવી બંને સખીઓએ કુમારને તાંબૂલ આપ્યું તથા **કુંદલતાએ** બકુલ પુષ્પની માળા અર્પણ કરી અને કહ્યું, **'હે કુમાર!** અત્યંત અનુરાગથી તમારી પ્રિયતમાએ પોતાના સ્વહસ્તે ગૂંથેલી આ માળા છે,' એમ કહીને **કુમારને** સમર્પણ કરી. **કુમારે** પણ આદરપૂર્વક માળાનો સ્વીકાર કર્યો. **માનિનીએ** પણ માધવીપુષ્પમાળા લાવી **કામલતાના** નામે એજ પ્રમાણે કહ્યું. **કુમારે** પણ આદરપૂર્વક તે માળાનો પણ સ્વીકાર કર્યો. તે પછી તે માળાઓને યથાયોગ્ય રીતે ધારણ કરી તે બંનેના અનુરાગને સફળ કરો તેમ બંને સખીઓએ કહ્યું. ત્યારે કુમારે કહ્યું તે

બંનેનો મારા ઉપર આવો અનુરાગ છે! તે વિચારવા યોગ્ય છે.

**કુંદલતાએ** કહ્યું, 'આ વિચારેલું જ છે.' **'હે કુમાર!** આપ સાંભળો. જ્યારથી માંડી સ્તુતિપાઠકે **કુમારનું** નામ ઉદ્દઘોષણામાં સંભળાવ્યું, ત્યારથી માંડી આ બંને રાજપુત્રીઓ આનંદ અને વિષાદનો મિશ્રરસ અનુભવે છે. રાજકન્યા જન્મની સ્તુતિ અને નિંદા કરે છે. કલા-કલાપનો અભ્યાસ કરતાં કરતાં છોડી દે છે, **કુમાર** સંબંધી કથા કરે છે, વળી બંધ પડી જાય છે. શરીરે દૂબળી પડી જાય છે. કોઈ વખત મૂંઝવણમાં પડી જાય છે. ક્યારેક લજ્જાયુક્ત બને છે. ઉદ્વેગમાં ગરકાવ થઈ જાય છે. બંનેની આ સ્થિતિ દેખી 'આમ કેમ?'એ પ્રમાણે રાજા ખેદ પામ્યા. ચતુર સખીવર્ગથી સાચો વૃત્તાંત જાણી લીધો; અને 'સ્થાને અભિલાષ કર્યો છે' એ પ્રમાણે હર્ષપૂર્ણ રાજાએ બંને કન્યાને અહીં મોકલી છે. બંને કન્યા 'ઈચ્છિત મનોરથ કરતાં અધિક આપણે પ્રાપ્ત કર્યું એમ કામદેવ આદિના વિકાર સુખવાળા વધતા સુખાતિશયથી અહીં આવી પહોંચી છે. આવા પ્રકારનો બંનેનો અનુરાગ ચિંતવેલો જ છે.'

### નવવધૂઓને ધર્મોપદેશઃ

**કુમારે** વિચાર્યું, નક્કી તેઓને મારા પર અનુરાગ છે. અનુરાગી પ્રાણીઓ ભવિષ્યકાળની ગણત્રી કરતા નથી, કહેલી વાત સાંભળે છે અને નિર્વિકલ્પતાથી આજ્ઞા માથે ચડાવે છે. અંતઃકરણથી તે કાર્યમાં પ્રવર્તે છે. ક્રિયાવડે તેનો અમલ કરે છે. અહીં યોગ્ય સમય પ્રાપ્ત થયો છે, માટે તેમને ધર્મદેશના સંભળાવું, એમ વિચારી **કુમારે** કહ્યું, 'અરે **રાજપુત્રીઓ**! આ કહ્યું તે બરાબર છે? તમોને મારા પર અનુરાગ છે ને?' હર્ષ-વિષાદ ગર્ભિત આ સાંભળી, 'અરે આ શું હશે? આ કાંઈક ગંભીર વાત જણાય છે' એમ ચિંતવીને બંને રાજપુત્રીઓ ડાબા પગના અંગૂઠાથી મણિજડિત ફરસબંધી ભૂમિ દબાવતાં અને સવિશેષ વિચારમગ્ન બનતાં મૌન બની જવાબ આપતી નથી. એટલે **કુંદલતાએ** કહ્યું, 'હે કુમાર! વાચાથી ભલે બંનેએ પ્રત્યુત્તર ન આપ્યો, પરંતુ આવા પ્રકારના આદરવાળા વર્તનથી **કુમારને** અનુકૂળ જવાબ જણાવી દીધો છે. **કુમાર** પોતાની દિવ્ય બુદ્ધિથી તે જાણી શકે છે.' **કુમારે** કહ્યું, 'હે સખીઓ જો એમ છે તો સાંભળો. જેને જેના પ્રત્યે અહિતમાં પ્રવર્તાવવા ઈચ્છા થાય, તેને તેના પ્રત્યે કેવો અનુરાગ સમજવો?' **માનિનીએ** કહ્યું, 'હે **કુમાર**! આ અહિત કેવી રીતે? એ વાત મારા સમજવામાં આવતી નથી.' કુમારે કહ્યું, 'તમે આ વિષયનું એક ઉદાહરણ સાંભળો.'

### શુભંકર ખાળકૂવામાંઃ

**કામરૂપ** નામના દેશમાં **મદનપુર** નામનું નગર હતું. ત્યાં **પ્રદ્યુમ્ન** નામનો રાજા અને **રતિ** નામની તેને ભાર્યા હતી. તેઓને વિષયસુખ ભોગવતાં કેટલોક સમય પસાર થયો. એકદા રાજા અશ્વક્રીડા કરવા નગરબહાર ગયો હતો. રાણી મનોહર ગવાક્ષમાં ઊભી રહીને દિશાવલોકન કરતી હતી. તે વખતે રાજમાર્ગ પર દેવમંદિર દર્શન કરવા જવા નીકળેલા **વિમલમતિ** સાર્થવાહના **શુભંકર** નામના યુવાન શ્રેષ્ઠિપુત્રને રાણીએ દેખ્યો. તેવા સોહામણા યુવાનને દેખી અવિવેકના સામર્થ્યથી, ઈંદ્રિયોના અભ્યાસથી, **રાણીને** તે યુવાન પ્રત્યે અભિલાષા પ્રગટી અને તેને વિલાસપૂર્વક જોવા લાગી. **રાણીને શુભંકરે** પણ દેખી અને તેના પ્રત્યે તે અનુરાગવાળો બન્યો. 'અહો! મારા ચિત્તને ઓળખનારો' એમ ધારી રાણી આનંદ પામી. પેલો યુવાન મોહદોષથી એક બાજુ ઊભો રહ્યો, કારણ કે કામજ્વરનું નિવારણ કરવું અતિ મુશ્કેલ છે. પોતાનું કાંઈ પણ રહસ્ય જેનાથી અજાણ નથી એવી પોતાની **જાલીની** નામની દાસીને **રાણીએ** કહ્યું, **'અરે! સખી!** યુવતીવર્ગને સંતોષ આપનાર પેલા યુવાનને બોલાવી લાવ.' એમ કહી દાસીને મોકલી. 'આવી બાબતમાં કામીઓનાં મનને સહેલાઈથી સમજાવી શકાય છે,' એમ માની ગમે તેમ કહી સમજાવીને તેને બોલાવી લાવી વાસગૃહમાં મોકલ્યો. ત્યાં આવી તે પલંગ પર બેઠો. રતિએ તેને તાંબૂલ આપ્યું. અર્ધ તાંબૂલ ગ્રહણ કર્યું એટલામાં મહારાજા પધાર્યા' એવો બંદીઓનો કોલાહલ સંભળાયો. રાણી ભયભીત બની ગઈ. હવે બીજો કોઈ ઉપાય નથી એમ વિચારી તેને વિષ્ટાગૃહમાં છૂપાવ્યો. રાજા આવીને થોડી વાર પલંગ પર બેઠા, અને કહ્યું, 'અરે! હજામને બોલાવો! મારે વડીનિતિ માટે સંડાસમાં જવું છે. **શુભંકરે** આ સાંભળ્યું. 'નક્કી હવે મોત આવ્યું' એમ અત્યંત ભય પામેલા છતાં જીવવાના અભિલાષી તેણે ઊંડા, નિરંતર અંધકારવાળા, અત્યંત દુર્ગન્ધી, કીડાઓથી ખદબદતા ગટરના કૂવામાં ભૂસકો માર્યો. અશુચિ વિષ્ટાગૃહમાં ડૂબી ગયો. કીડાઓથી ફોલી ખવાયો. આંખો બંધ થઈ ગઈ, શરીર સંકોચાઈ ગયું. વેદના થવા લાગી, અત્યંત આકુળ-વ્યાકુળ બની ગયો, મૂર્ચ્છાથી ઘેરાયો. આ બાજુ અંગરક્ષકોએ વિષ્ટાગૃહ તપાસ્યું, એટલે રાજા અંદર પેઠો. વડીનીતિથી શરીર

હલકું કરી બહાર નીકળ્યો અને રતિરાણી સાથે આનંદ પ્રમોદ કરવા લાગ્યો. એમ કરતાં દિવસ આથમી ગયો. રાજા બહાર સભાખંડમાં ગયા. રાણીએ **શુભંકરની** તપાસ કરી પણ તે ત્યાં ન દેખાયો. **જાલીનીને** પૂછ્યું 'અરે તે **શુભંકર** ક્યાં ગયો હશે?' **જાલિનીએ** કહ્યું, 'હે દેવી! ભય પામેલો તે નક્કી વિષ્ટાકૂપમાં પડી મૃત્યુ પામ્યો હશે.' **રતિએ** કહ્યું 'જરૂર એમ જ બન્યું હોવું જોઈએ, નહિતર દેખાય કેમ નહિ? ઠીક, આપણે ચિંતા મટી.'

**ફરી અકાર્યસેવનઃ**

આ બાજુ **શુભંકર** વિષ્ટાકૂપમાં ભયંકર પીડા સહન કરતો, અશુચિ રસનું પાન કરતો, ભવિતવ્યતાને યોગે વિચિત્ર કર્માધીન બનેલો કેટલોક સમય ત્યાં રહ્યો. પછી જ્યારે તે ખાળકૂવો સાફ કરવા માટે ખુલ્લો કર્યો ત્યારે અશુચિ-વિષ્ટાના કારણે ઊડી ગયેલી દેહકાન્તિ વાળો બહાર નીકળ્યો ત્યારે કોઈ પ્રકારે શરીર ધોઈ સાફ કર્યું. મહામુસીબતે પોતાને ઘેર પહોંચ્યો. આ ભૂત સરખો કોણ હશે? એમ વિચારતો તેનો પરિવાર ભય પામ્યો. **શુભંકરે** કહ્યું, હું **શુભંકર** છું, તમે ભય ન પામો. પિતા **વિમલમતિએ** પૂછ્યું, તું શાથી આવો થઈ ગયો? તને હવે રોગમુક્ત શી રીતે કરવો? **શુભંકરે** કહ્યું, **હે પિતાજી!** મારી મરણશંકા છોડી દો. હું તેજ છું. મેં તેવુ કર્યું તેથી આવી સ્થિતિ થઈ છે. મંદભાગી હું તે વાત આપને નિવેદન કરીશ, પરંતુ આપ એકાંતમાં પધારો. પરિવાર ખસી ગયો, ત્યારે હવે કહ્યા સિવાય ચાલે તેમ નથી એટલે સાચી હકીકત કહી દઉં, એમ વિચારી સર્વ વાત જેવી બની હતી તેવી કહી દીધી. 'અહો! અકાર્ય આસેવન કરવાના સંકલ્પનું ફળ' એમ વિચારી તેના પિતાજી સંવેગ પામ્યા. પુત્રને ઘરમાં દાખલ કર્યો. પવનરહિત સ્થાનમાં રાખ્યો. સહસ્રપાક આદિ ઔષધિઓનું સેવન કરાવી કેટલાક કાળે પૂર્વાવસ્થાને પમાડ્યો. ઊચિત સમયે દેવમંદિરના દર્શન કરવા નીકળ્યો. પાછો રાજમાર્ગે જતાં **રતિરાણીએ** તેને દેખ્યો. તેવી જ રીતે સમજાવીને **જાલિની** દાસીને બોલાવવા મોકલી. મોહ-દોષથી **શુભંકર** પાછો આવ્યો અને આવતાં જ રાજા પણ પૂર્વની જેમ અચાનક આવી પહોંચ્યા. તેવી જ રીતે સંડાસમાં સંતાડ્યો. વળી પૂર્વની જેમ નીચેના ખાળકૂવામાં પડ્યો. ત્યાંથી ફરી મુશ્કેલીએ બહાર આવ્યો. ફરી શરીરે તાજો બન્યો. ફરી રાણીએ રાજમાર્ગે દેખ્યો. ફરી દાસી દ્વારા બોલાવ્યો અને પાછો પણ ગયો. એમ વારંવાર બન્યું.

**વધૂઓને સંવેગઃ**

તેથી હું તમને પૂછું છું કે તે **રતિરાણીને શુભંકર** ઉપર અનુરાગ હતો કે નહિ? **માનિનીએ** કહ્યું કે **'હે કુમાર!** પરમાર્થથી વિચારીએ તો અનુરાગ ન હતો! **રતિરાણી** બુદ્ધિ વગરની હતી, કારણકે વસ્તુ દેખતી ન હતી. પોતાના સ્વરૂપનો વિચાર કરતી ન હતી. **શુભંકરના** ભાવિનો વિચાર કરતી ન હતી.' **કુમારે** કહ્યું, 'જો એમ જ છે, તો આ બંનેને મારા પર અનુરાગ નથી, બંને બુદ્ધિરહિત છે. કારણકે સ્વભાવથી અસુંદર, ઈર્ષ્યા આદિના કારણભૂત, સ્વરૂપે ચંચળ એવા તુચ્છ ભોગોની તેઓ અભિલાષા કરે છે, તથા ભવસમુદ્રમાં દુર્લભ સર્વોત્તમ મનુષ્યપણું જે એકાંતે નિર્વાણનું સાધન છે, તેનો ધર્મમાં નિયોગ કરતી નથી. એટલે પોતાની પરતંત્રતાને પણ દેખતી નથી. વળી અસુંદર વિષય વિષવાળી મતિથી જીવોને મોહ પમાડી ગર્ભ અને નારકીના હેતુ બનાવવા મને ત્યાં ધકેલતી હોવાથી મારા ભાવિનો તેઓ વિચાર કરતી નથી. આમ અહિતમાં પ્રવર્તાવતી હોવાથી તમે કહો કે પરમાર્થથી મારા ઉપર તેમનો કયો અનુરાગ છે?'

આ સાંભળી બંને વધૂઓ સંવેગ પામી, વિશુદ્ધ ભાવના પ્રગટી, કર્મસમૂહ ખપાવ્યો, દેશવિરતિરૂપ શ્રાવકધર્મ પ્રાપ્ત કર્યો. ત્યારપછી શ્રદ્ધાતિશયથી બહુમાનપૂર્વક **કુમારના** ચરણકમળમાં પ્રણામ કરી બન્નેએ કહ્યું, 'હે આર્યપુત્ર! એમ જ છે, તેમાં જરા પણ ફરક નથી. **વિભ્રમવતીએ** કહ્યું, 'હે **આર્યપુત્ર!** મેં તમે કહેલ સર્વ સાંભળ્યું, અને તેથી મારો મોહ જાણે ચાલ્યો ગયો હોય, સમ્યગ્જ્ઞાન ઉત્પન્ન થયું હોય, વિષય-રાગ હઠી ગયો હોય, ભવનો ભય ઉત્પન્ન થયો હોય, તેમ થયું છે. **કામલતાએ** કહ્યું, **હે આર્યપુત્ર!** મને પણ એજ પ્રમાણે સર્વ થયું છે. માટે સ્વીકાર કરેલા અને સમર્પણ થયેલા આત્માને અનુરૂપ, પોતાના રાગને યોગ્ય આજ્ઞા **આર્યપુત્ર** ફરમાવો, કે જે અમારે કરવા યોગ્ય હોય. **કુમારે** કહ્યું, 'બહુ સારૂ, બહુ સારૂ, તમારો વિવેક ઉચિત છે. તમારૂં મેળવેલું મનુષ્યપણું સફળ છે, જેથી આવી પુણ્યાનુબંધી પુણ્યને અનુરૂપ કુશલબુદ્ધિ પ્રગટી. તેથી કરીને આ અહીં યુક્ત છે.'

**કુમારને અવધિજ્ઞાનઃ**

'ખરેખર આ વિષયો મોહથી ઉત્પન્ન થયેલા, મોહના કારણ, મોહસ્વરૂપ અને મોહની પરંપરા વધારનારા છે.

સંક્લેશ પરિણામથી ઉત્પન્ન થયેલા, સંક્લેશના હેતુવાળા, સંક્લેશસ્વરૂપ, સંક્લેશની (દુઃખની) પરંપરા વધારનારા છે; માટે જીંદગી પર્યન્ત તેનો ત્યાગ કરો, મોહની ચેષ્ટાઓને છોડી દો, સમતાને અંગીકાર કરો, કલ્યાણ બુદ્ધિની ભાવના ભાવો, ભવમાં થનારા વિકારોને બરાબર નિહાળો, ચિત્તથી તેની આલોચના કરો, ગુરુ-મહારાજની ભક્તિ કરો, ધર્મકાર્યમાં ઉદ્યમ કરો!' આ સાંભળી વિશુદ્ધ પરિણામવાળી બન્નેએ પ્રગટ થયેલા ભાવથી કહ્યું, 'જેવી આપની આજ્ઞા. તમારી અનુમતિથી જીંદગીભર અમે વિષયોનો ત્યાગ કર્યો, બાકીમાં તો અમારી શક્તિ પ્રમાણ છે.' આ સાંભળી **કુમાર** હર્ષ પામ્યા, અને તેમણે વિચાર્યું, 'અહો! સુંદર બુદ્ધિ, અહો! આલોકપ્રતિ નિરપેક્ષતા, અહો! સુંદર આચરણ, અહો! હલુકર્મીપણુ, અહો! તેમનો ઉપશમ, અહો! પરમાર્થ જાણવાપણું, અહો! વચન બોલવાની છટા, અહો! મહાર્થતા, અહો! ગંભીરતા,' એમ વિચારી કુમારે કહ્યું, 'બહુ સારું, તમે કૃતાર્થ બન્યા, તમને મેં કુશળ અનુષ્ઠાનની અનુમતિ આપી, મેં પણ જીંદગી સુધી વિષયોનો ત્યાગ કર્યો, બ્રહ્મચર્ય અંગીકાર કર્યું.' આ સાંભળી **અશોક** વગેરે બોલ્યા, 'અહો! બહુ શોભન થયું, સુંદર થયું, સુંદર થયું. કલ્યાણ પરિણામની વૃદ્ધિ થઈ.' નજીકમાં રહેલા દેવતાના પ્રભાવે કુસુમવૃષ્ટિ થઈ. સર્વે આનંદ પામ્યા. વળી **કુમાર** કહે, અહો! આ બન્નેની ધન્યતા, અહો! મારા પરની સહૃદયતા, એમ વધતા શુભ પરિણામવાળા **કુમાર**ને તેમના કર્મના આવરણના ક્ષયોપશમથી વર્ધમાનઅવધિજ્ઞાન પ્રગટ થયું. ભૂતકાળ આદિના ભાવો દેખાવા લાગ્યા. **કુમાર** અતિશય સંવેગ પામ્યા. આનંદ પ્રતિહારીએ આ હકીકત રાજાને અને રાણીને જણાવી. તે સાંભળી રાજા ખેદ પામ્યા અને બોલ્યા કે, **'કુમારે** ઠીક ન કર્યું.' દેવીએ કહ્યું, 'હા પુત્ર! તેં ભવ સુખનો ત્યાગ કર્યો?'

### સુદર્શનાદેવીનું આગમનઃ

આ સમયે ખડ્ગરત્ન ધારી, ચમકતા મુગટકુંડળ અને કેશથી વિભૂષિત મુખવાળી, એકસરા હારથી શોભાયમાન કંઠવાળી, હારલતાથી ઘેરાયેલા સ્તનયુગલવાળી, મણિ જડિત કડાં પહેરેલ બાહુલતાવાળી, રોમાવલીયુક્ત કટિપ્રદેશવાળી, કંદોરા સહિત નિતંબ પ્રદેશયુક્ત, દેવદૂષ્ય વસ્ત્ર ધારણ કરેલી, મણિજડિત ઝાંઝરના ઝણકાર કરતી, હરિચંદનના વિલેપનવાળી, કલ્પવૃક્ષ-પુષ્પોની માળા ધારણ કરેલી, મહાઆડંબરથી મણિના દીપકોને ઝાંખા પાડી દેતી, અત્યંત સૌમ્ય દર્શનવાળી દેવીનું ત્યાં આગમન થયું. 'અહો! આ શું આશ્ચર્ય?' એમ વિસ્મય પામેલા માતપિતા બન્નેએ હર્ષ અને શોક સાથે દેવીને પ્રણામ કર્યા.

દેવીએ આવીને કહ્યું કે, **'હે મહારાજ!** વિષાદ કરવો છોડી દો, **કુમારે** યોગ્ય જ કર્યું છે. વિષનો ત્યાગ કરી અમૃત ગ્રહણ કર્યું છે. કાયરતા છોડી પુરુષત્વ પ્રગટાવ્યું છે. ક્ષુદ્રતાને તિલાંજલી આપી ઉદારતા અંગીકાર કરી છે. ભવનો સંબંધ છેદી મુક્તિનો સંબંધ બાંધ્યો છે. માટે **કુમાર** કૃતાર્થ થયા છે. **દેવી**! તમે પણ શોક છોડો, **કુમાર** શોક કરવા યોગ્ય નથી. ભવદુઃખનો તેણે ત્યાગ કર્યો છે અને શાશ્વત સુખ તરફ પ્રયાણ કર્યું છે. તમે પણ ધન્ય છો કે જેણે આવા મોક્ષગામી આત્માને (પુત્રને) જન્મ આપ્યો. આ **કુમાર** અનેકને કલ્યાણના કારણ બનશે, માટે ખેદનો ત્યાગ કરી કાર્યનો વિચાર કરો. રાજાએ પૂછ્યું કે, **'હે ભગવતી!** આપ કોણ છો?' દેવીએ કહ્યું, ખડ્ગ હથિયાર ધારણ કરવાથી ઓળખાતી **સુદર્શના** નામની હું દેવી છું. તમારા પુત્રના ગુણાનુરાગવાળી હું અહીંજ તમારા/ભવનમાં રહું છું.

રાજાએ વિચાર્યું કે, અહો! પુત્રના કેવા ગુણો છે કે, દેવતાઓ પણ અનુરાગ કરે છે. રાણીએ હર્ષ પામી રાજાને કહ્યું કે, **'હે મહારાજા!** કુમારનો આવો પ્રભાવ છે કે-દેવતાઓ પણ આ પ્રમાણે તેને પ્રભાવિત કરે છે, માટે ચાલો તેની પાસે જઈએ, તેના ધર્મ-દેહનાં દર્શન કરીએ, તેણે સેવેલા અનુષ્ઠાનને આપણે પણ કરીએ, આપણે માટે સર્વથા એ જ યોગ્ય છે. રાજાએ કહ્યું, ચાલો એમ જ કરીએ.

(ક્રમશઃ)

Shri Prabhavak Jinvani (Gujarati-monthly), Publisher : Shri Jinvani Pracharak Trust, 59, Bank of India Bldg., 2nd Floor, 185, Sheikh Memon Street, Mumbai-400 002. Editor : Shah Dilip Hargovinddas (Gheewala), printed at M/s. Meghart Color Crafts, 42, Ideal Ind. Estate, Mathuradas Mills Compound, Senapati Bapat Marg, Lower Parel, Mumbai-400 013. The owner and the trust do not have any tie up/collaboration with any foreign organization.